dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 250 | AD - 2026, Jeth Sud - 02 | Tuesday, Dt. 16-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ભારત-સ્લોવાકિયા સંબંધોમાં નવો સૂર્યોદય

# સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદને સ્લોવાકિયાનું મજબૂત સમર્થન

બ્રાતિસ્લાવા, ૧૫

યુરોપિયન દેશ સ્લોવાકિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને વૈશ્વિક સ્તરે પોતાનું પૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના ત્રણ દેશોના યુરોપિયન પ્રવાસના દ્વિતીય તબક્કા અંતર્ગત સ્લોવાકિયાની મુલાકાતે પહોંચ્યા છે. વર્ષ ૧૯૯૩માં સ્લોવાકિયા એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર બન્યા પછી, કોઈ ભારતીય વડાપ્રધાન દ્વારા લેવાયેલી આ સર્વપ્રથમ અને ઐતિહાસિક મુલાકાત છે. પોતાની આ મહત્વપૂર્ણ યાત્રા દરમિયાન પીએમ મોદીએ સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની અને વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો હાથ ધરી હતી.

સંયુક્ત પ્રેસ બ્રીફિંગ દરમિયાન સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકોએ વૈશ્વિક સંસ્થાઓમાં વ્યાપક સુધારાની જરૂરિયાત પર મજબૂત ભાર મૂક્યો હતો. તેમણે જાહેરમાં સ્વીકાર્યું કે આ સંસ્થાઓને આજની વૈશ્વિક વાસ્તવિકતાઓ સાથે સુસંગત બનાવવી અનિવાર્ય છે. ફિકોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'હું સત્તાવાર રીતે જાહેરમાં એ જાહેર કરવા માંગુ છું કે સ્લોવાકિયા પ્રજાસત્તાકની સરકાર સંયુક્ત રાષ્ટ્રના માળખાકીય સુધારાઓને સંપૂર્ણ સમર્થન આપે છે. અમારું દ્રઢપણે માનવું છે કે ભારત જેવો



પ્રભાવશાળી દેશ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં 'કાયમી સભ્ય' તરીકે સ્થાન મેળવવા માટે સંપૂર્ણ લાયક છે.'

રોબર્ટ ફિકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા નેતાઓમાંથી એક બનવા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પીએમ મોદીના લાંબા અને સફળ કાર્યકાળને એક 'રાજકીય ચમત્કાર' તરીકે ઓળખાવ્યો હતો. આ સાથે જ તેમણે ભારતની આર્થિક પ્રગતિના વખાણ કરતા નોંધ્યું કે, ભારત આજે વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને ખૂબ જ ઝડપથી ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ભારતે ટેકનોલોજી, ડિજિટલાઈઝેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગમાં જે સિધ્ધિઓ મેળવી છે, તે અન્ય વિકસિત દેશો કરતાં ઘણી વધુ ઝડપી અને નોંધપાત્ર છે.

દ્વિપક્ષીય ચર્ચા બાદ પીએમ મોદીએ વડાપ્રધાન રોબર્ટ ફિકોને ભારતના સાચા અને અનુભવી મિત્ર ગણાવ્યા હતા. તેમણે જાહેરાત કરી કે, આ ઐતિહાસિક પ્રસંગે અમે ભારત-સ્લોવાકિયા સંબંધોને વ્યાપક ભાગીદારીના સ્તર સુધી લઈ જવાનો દ્રઢ નિર્ણય કર્યો છે. આ ભાગીદારી બંને દેશોની સહિયારી શ્રધ્ધા, પ્રાથમિકતાઓ અને ઉજ્જવળ ભવિષ્યનું પ્રતીક બનશે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની સફળ વાટાઘાટો થઈ હતી, જેમાં વેપાર, ટેકનોલોજી અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં અનેક મહત્વપૂર્ણ સમજૂતી કરારો (MoUs) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભારત-ઈયુ (India-EU) મુક્ત વેપાર કરારને વહેલી તકે વ્યવહારુ સ્વરૂપ આપવા પર પણ ભાર મૂકાયો હતો.

# યુએસ-ઈરાન ઐતિહાસિક શાંતિ કરારના નિર્ણયને વડાપ્રધાન મોદીએ આવકાર્યો

નવી દિલ્હી, ૧૫

વિશ્વ પર મંડરાઈ રહેલું એક મોટું યુધ્ધ સંકટ હવે સમાપ્ત થવાના આરે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે મહિનાઓ સુધી ચાલેલી લાંબી અને મુશ્કેલ વાટાઘાટો બાદ આખરે એક ઐતિહાસિક યુધ્ધવિરામ સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસ દ્વારા પણ આ શાંતિ કરારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. આ કરાર અંતર્ગત બંને દેશો ૧૪ શરતો પર સંમત થયા છે અને આગામી ૧૯ જૂને



સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે તેના પર સત્તાવાર હસ્તાક્ષર કરશે. છેલ્લા ૪૭ વર્ષોમાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક હશે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવશે અને ઈરાની બંદરો પરથી યુએસ નૌકાદળની નાકાબંધી તાત્કાલિક હટાવી લેવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ શાંતિ કરારનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, "પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારને હું આવકારું છું. આ વૈશ્વિક તણાવથી વિશ્વભરમાં ગંભીર આર્થિક ઉથલપાથલ થઈ છે." તેમણે આશા વ્યક્ત કરી કે આ નિર્ણયથી પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને વેપારની સ્વતંત્રતા પુનઃસ્થાપિત થશે. બીજી તરફ, ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ઘરીબબાદીએ સ્પષ્ટ કર્યું છે કે કાયમી શાંતિ માટે અમેરિકાએ સૌપ્રથમ લશ્કરી કામગીરી બંધ કરવી પડશે અને ઈરાનના ફ્રીઝ થયેલા ભંડોળને મુક્ત કરવું પડશે. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, ૧૨ બિલિયન ડોલરની રાહત અને તેલ પરના પ્રતિબંધો હટાવવા જેવી બાબતો પણ આ કરારની મુખ્ય શરતોમાં સામેલ છે.

# યુપીમાં નારાજ બ્રાહ્મણોને રીઝવવા ભાજપે લીધો 'બટુક પૂજા'નો આશરો

લખનૌ,તા.૧૫

ઉત્તર પ્રદેશના રાજકારણમાં બ્રાહ્મણ સમુદાયને પોતાની તરફ આકર્ષવા માટે ભાજપે નવી વ્યુહરચના શરૂ કરી છે. નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક પછી, તાજેતરમાં જ સમાજવાદી પાર્ટી છોડી ભાજપમાં જોડાયેલા અને કેબિનેટ મંત્રી બનેલા મનોજ પાંડે દ્વારા આયોજિત 'બટુક પૂજા'એ રાજ્યમાં ભારે રાજકીય ચર્ચા જગાવી છે. આ પૂજા વિધિને ભાજપ સાથે બ્રાહ્મણ સમુદાયના જોડાણને ફરી મજબૂત કરવાના



અને તેમની કથિત નારાજગી દૂર કરવાના એક સભાન પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

ઉત્તર પ્રદેશમાં આશરે ૧૨ થી ૧૫ ટકા હિસ્સો ધરાવતો બ્રાહ્મણ સમુદાય હંમેશાથી સત્તાની ચાવી રહ્યો છે. જોકે, તાજેતરના મહિનાઓમાં વિવિધ શૈક્ષણિક વિવાદો, પરીક્ષાઓના પ્રશ્નો અને કેટલીક ફિલ્મોના શીર્ષકોને કારણે બ્રાહ્મણ સમુદાયમાં સરકાર પ્રત્યે ઉપેક્ષાની લાગણી વ્યાપી હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી. આ પરિસ્થિતિએ ભાજપ હાઈકમાન્ડને પણ ચિંતામાં મૂક્યું છે.

હિન્દુત્વનું રાજકારણ કરતી ભાજપ પોતાના આ પરંપરાગત મતદારોને ગુમાવવા માંગતી નથી. પરંતુ ઓબીસી અને દલિત જાતિઓને એકત્ર કરવાના સમીકરણો વચ્ચે સીધું બ્રાહ્મણ રાજકારણ કરવું પક્ષ માટે પડકારજનક છે. તેથી, બ્રજેશ પાઠક અને મનોજ પાંડે જેવા અગ્રણી ચહેરાઓ ધાર્મિક કાર્યક્રમોના માધ્યમથી સમુદાયમાં ભાજપનો પ્રભાવ પુનઃ સ્થાપિત કરવા પ્રયત્નશીલ છે. આ ધાર્મિક પહેલ આગામી ચૂંટણીઓમાં ભાજપને કેટલો ફાયદો કરાવશે તે તો સમય જ બતાવશે.







# બિહારની દિવ્યાંશી સિંહ વાયુસેનામાં પ્રથમ ભૂતપૂર્વ NDA મહિલા કેડેટ બની




પટણા,તા.૧૫

બિહારના સારણ (છપરા) જિલ્લાની દિવ્યાંશી સિંહે ભારતીય વાયુસેનાની ગ્રાઉન્ડ ડ્યુટી (લોજિસ્ટિક્સ) શાખામાં કમિશન મેળવીને દેશની પ્રથમ ભૂતપૂર્વ એનડીએ (NDA) મહિલા કેડેટ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વાયુસેનાના જુનિયર વોરંટ ઓફિસરની પુત્રી દિવ્યાંશીએ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં ત્રણ વર્ષની કઠોર લશ્કરી તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટ નેતૃત્વ દાખવીને 'કેડેટ ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ'ની જવાબદારી પણ સંભાળી હતી. તેણીની આ ઐતિહાસિક સિધ્ધિ લાખો દીકરીઓ માટે પ્રેરણારૂપ સાબિત થશે.




# અમરેલી જિલ્લા અને શહેર સમસ્ત બ્રહ્મસમાજ ટીમની પ્રમુખ તુષાર જોષી દ્વારા વરણી



## વરિષ્ઠ અગ્રણીઓ અને યુવાનોને મહત્વની જવાબદારી સોંપાઈ

અમરેલી,તા.૧૫

સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહ્મસમાજના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે તુષાર જોષીની બિનહરીફ વરણી થયા બાદ, સંગઠનને વ્યાપક અને મજબૂત બનાવવાના હેતુથી જિલ્લા, શહેર તેમજ યુવા પાંખની નવી કારોબારી ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નવી વરણીઓમાં અમરેલી જિલ્લાના તમામ ભૌગોલિક ઘટકો અને સંગઠનોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

જિલ્લા મહામંત્રી તેજસ ત્રિવેદી, સૌરાષ્ટ્ર - કચ્છ બ્રહ્મસમાજ કારોબારી સભ્યો, હસુદાદા જોષી- અમરેલી, કિશોરભાઈ ભટ્ટ- દામનગર તથા જિલ્લા ઉપપ્રમુખ હસુભાઈ જોષી- ધરાઈ, મુકેશભાઈ ત્રિવેદી - સાવરકુંડલા, પરાગભાઈ ત્રિવેદી-સાવરકુંડલા, ડો. મુકેશભાઈ ત્રિવેદી-લાઠી, કિશોરકુમાર પાઠક - લીલીયા, જીતુભાઈ જોષી-ધારી, લલીતભાઈ મહેતા -ચલાલા, આનંદભાઈ ભટ્ટ ખાંભા, વિપુલભાઈ વ્યાસ-અમરેલી, રાજનભાઈ જાની - અમરેલી, આનંદભાઈ ભટ્ટ-અમરેલી, સિધ્ધાર્થભાઈ ઠાકર - અમરેલી, નિલેશભાઈ જાની - અમરેલી, વેણીશંકરભાઈ ધાંધીયા- બગસરા, અશ્વિનભાઈ મહેતા-વડીયા, યોગેશભાઈ દવે -કુંકાવાવ, તેમજ મંત્રી સંદિપભાઈ સી. ભટ્ટ-સાવરકુંડલા, અતુલભાઈ ત્રિવેદી-બાબરા, દુષ્યંતભાઈ ભટ્ટ- રાજુલા, ધવલભાઈ ઠાકર-અમરેલી, રશ્મીનભાઈ ત્રિવેદી-અમરેલી, ચંદ્રેશભાઈ મહેતા -અમરેલી, જયેશભાઈ ત્રિવેદી –અમરેલી, ભાવેશભાઈ બી. ત્રિવેદી - અમરેલી તેમજ કોષાધ્યક્ષ સમીરભાઈ પંડયા, સહકોષાધ્યક્ષ સંજયભાઈ જોષી, કાર્યાલય મંત્રી ઘનશ્યામદાદા જોષી, પ્રકાશભાઈ આચાર્ય તેમજ અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ પ્રમુખ પ્રિયંક પંડયા - અમરેલી, મહામંત્રી કનક જાની- રાજુલા, વિશાલ ઠાકર -અમરેલી, ઉપપ્રમુખ ચેતન રાજ્યગુરુ, હરનિલ ત્રિવેદી, કિશન શિલુ, ડો. ભવનેશ ભટ્ટ, હિમાલય ઠાકર (લાઠી), સંદિપ પી. ત્રિવેદી, જયેશ મહેતા (લીલીયા), સતિષ પાંડે (સાવરકુંડલા), નિરવ ઠાકર (જાફરાબાદ), કમલેશ જોષી (બગસરા), લીરેન ઠાકર, કમલેશ ભુટક(બાવભાઈ) (કુંકાવાવ), મંત્રી જીગીશુ મહેતા, જૈમિન પાઠક (લીલીયા), મહેશ પંડયા-શાસ્ત્રી (દામનગર), યજ્ઞેશ શુકલ (બાબરા), વિશ્વાસ દવે (સાવરકુંડલા), દિક્ષીત જોષી (ચલાલા), રાકેશ પંડયા (ચિતલ), રૂચિત મહેતા (ખાંભા) તેમજ અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ભગીરથ ત્રિવેદી, મહામંત્રી મુકેશભાઈ તેરૈયા, અજયભાઈ પંડયા (એડવોકેટ) ઉપપ્રમુખ- મૌલિક ઉપાધ્યાય, દિગંત ભટ્ટ, વિપુલ દવે, સાહસભાઈ ઉપાધ્યાય, ડૉ. નિખિલેશ જાની, બકુલભાઈ ભટ્ટ, ભાવિનભાઈ ભટ્ટ, ગોપાલભાઈ ભટ્ટ, અમરીશભાઈ રાજયગુરુ, મંત્રી અજીતભાઈ પંડયા, ભગીરથ જોષી, આનંદભાઈ મહેતા, સંજયભાઈ પંડયા- પીજીવીસીએલ, સુનિલભાઈ રાજયગુરૂ, રાજભાઈ જાની, પરેશભાઈ જાની, ડો. પરેશ જોષી, હરેશભાઈ દવે, સહ મંત્રી નિતિનભાઈ વ્યાસ, પ્રકાશ રાજગોર, હસુભાઈ રાજયગુરૂ, રઘુભાઈ ભટ્ટ, ધર્મેન્દ્રભાઈ પંડ્યા (જેશીંગપરા), સમીર જાની, ખજાનચી સંજય દવે, સાહિત્ય પ્રભારી કેવલભાઈ મહેતા, ધ્યેય પંડ્યા, કારોબારી સભ્ય કમલેશભાઈ ભટ્ટ, યોગેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ મહેતા, બિમલભાઈ ભટ્ટ, રાજુભાઈ પંડયા, મુકેશભાઈ જાની, ભાવેશભાઈ ભટ્ટ, કાંતિભાઈ પંડ્યા, મહેશભાઈ કપટા, મોહનભાઈ શિયાણી, કિશોરભાઈ મિશ્રા, સ્નેહલભાઈ ત્રિવેદી, હાર્દિકભાઈ જોષી, રાજેશભાઈ ભટ્ટ, ચંદુભાઈ જી. જાની તેમજ અમરેલી શહેર સમસ્ત યુવા બ્રહ્મસમાજ પ્રમુખ ઉમંગ ત્રિવેદી, મહામંત્રી બાબુલ ત્રિવેદી, કરણ જાની, ઉપપ્રમુખ ગૌરવ મહેતા, રવિ પંડયા, આકાશ જોષી, આકાશ જાની, રૂપી જોષી, કેયુર વ્યાસ, સાગર મહેતા, મેહુલ મહેતા, ધવલ દવે, મંત્રી કૃણાલ ત્રિવેદી, અમિત જોષી, નિમિરાજ મહેતા, હાર્દિક ત્રિવેદી, હાર્દિક વ્યાસ, જીગ્નેશ જોષી, પાર્થ રાવળ, પિયુષ કનાળા, કપીલ પંડયા, કાર્તિકય દવે, દિવ્યેશ જોષી, તેમજ વરિષ્ઠ માર્ગદર્શક ઉદયનભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી, પરેશભાઈ આચાર્ય, તનસુખભાઈ ઠાકર, મુકુંદભાઈ મહેતા, મુળશંકરદાદા તેરૈયા, એમ.જી. જોષી , ડી.જી. મહેતા, પાર્થિવભાઈ જોષી, નરૂભાઈ ત્રિવેદી, મનોજભાઈ ભટ્ટ, બકુલભાઈ પંડયા, મહેશભાઈ વ્યાસ, કિશોરદાદા દવે, આર.પી. મહેતા , નરેશભાઈ અધ્યારૂ, ડો. કિર્તિભાઈ બોરીસાગર, કિલુભાઈ શુકલ, ડી.એમ. ભટ્ટ, શરદભાઈ વ્યાસ, કિશોરભાઈ જાની સલાહકાર સમિતી બિપીનભાઈ જોષી, શશીકાંતભાઈ જાની, ડો. એસ. આર. દવે, ડો. નિતીનભાઈ ત્રિવેદી ડો. સ્નેહલભાઈ પંડયા, ડો. વિનુભાઈ રાવલ, ગીરીશભાઈ દવે, રજનીદાદા ભટ્ટ, ચિરાગભાઈ ત્રિવેદી, વિજયભાઈ ત્રિવેદી, અશોકભાઈ જોષી, ડો. વિવેક જોષી, ડો. કેવલ પંડયા, ડો. જીત જોષી સાંસ્કૃતિક અને શૈક્ષણિક સમિતિ પ્રો. યોગેશભાઈ ઠાકર, ડૉ. અમિતભાઈ ઉપાધ્યાય, ડો. પ્રણવલાઈ વ્યાસ, સુરેશભાઈ ત્રિવેદી, દિગંતભાઈ ઉપાધ્યાય, નિલેષભાઈ પાઠક, કેતનભાઈ જોષી, સેહિતભાઈ મહેતા, પી.કે. ત્રિવેદી, આશિષભાઈ જોષી, નિલેષભાઈ જોષી, રાજુભાઈ ભટ્ટ, મનિષભાઈ ત્રિવેદી, પેઈન્ટર ડી.જી. મહેતા, જીતુભાઈ મિશ્રા, રાજુભાઈ પંચોલી, ઈલેશભાઈ ભટ્ટ, વિજયભાઈ દવે, પંકજભાઈ ઠાકર, પંકજભાઈ જોષી, તેમ મહામંત્રી તેજસ ત્રિવેદીની યાદી જણાવે છે.

# અમરેલી સહીત ચાર જિલ્લામાં બાઈક ચોરી કરનાર સાવરકુંડલાનો શખ્સ જેલહવાલે

અમરેલી, ૧૫

રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચનાથી અમરેલી એલ.સી.બી. પોલીસે વાહન ચોરીના વણશોધાયેલા ગુનાઓ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. પી.આઈ. સી.પી. વાઘેલાના નેતૃત્વમાં ટીમે પેટ્રોલિંગ દરમિયાન



સાવરકુંડલાના જેન્તી ઉર્ફે પાયલ બારીયા (ડામોર) નામના ઈસમને શંકાસ્પદ બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. આરોપીની સઘન પૂછપરછ દરમિયાન તેણે અમરેલી, અમદાવાદ (નરોડા), રાજકોટ (પ્રદ્યુમનનગર) અને ભાવનગર જિલ્લામાંથી કુલ ૪ મોટરસાયકલ ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી રૂ. ૧,૨૫,૦૦૦/- ની કિંમતના ૪ બાઈક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી મજૂરી કામના બહાને ફરીને હેન્ડલ લોક વગરના વાહનો ચોરવાની ટેવ ધરાવે છે.

# ખાંભાના તાતણિયા ગામના શ્રમિક પુત્ર નરેશ ગઢિયાની અનોખી માનવ સેવા

અમરેલી,તા.૧૫

અમરેલીના ખાંભા તાલુકાના તાતણિયા ગામના શ્રમિક પુત્ર નરેશકુમાર ગઢિયાએ કારમી ગરીબાઈ વચ્ચે અભ્યાસ પૂર્ણ કરી સુરતમાં વ્યાપારિક સફળતા મેળવી છે. કપરા ભૂતકાળને ભૂલ્યા વિના, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી સુરતમાં 'હોલી હેલ્થ સેન્ટર' ચલાવે છે, જ્યાં દરરોજ દર્દીઓને વિનામૂલ્યે તબીબી સેવા અપાય છે. તાજેતરમાં જનતા વિદ્યાલયના નિવૃત્ત પ્રિન્સિપાલ હરિભાઈ મોરે આ સેન્ટરની મુલાકાત લઈ પોતાના પૂર્વ વિદ્યાર્થીની આ લોકકલ્યાણની પ્રવૃત્તિને ગૌરવભેર બિરદાવી હતી.










-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.182/2026
જન્મ તારીખ : 01/06/1976

શ્રી સોસા ડાયાભાઈ સોમાભાઈ,
રહે.મીતિયાજ, ગામ-મીતિયાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-મિતિયાજ, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સોસા ડાયાભાઈ સોમાભાઈ, રહે.મીતિયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી સોસા ડાયાભાઈ સોમાભાઈ તથા રાજીબેન ડાયાભાઈ સોસા ના પુત્રી લીલાબહેન ડાયાભાઈ સોસાનો જન્મ તારીખ.01/06/1976ના રોજ કોડીનાર તાલુકાના મિતિયાજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.197/2026
જન્મ તારીખ : 12/03/1964

શ્રી અરશીભાઈ પરબતભાઈ વાઢેળ,
રહે. કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી કોડીનાર,
નગરપાલીકા,કોડીનાર, તા. કોડીનારકોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અરશીભાઈ પરબતભાઈ વાઢેળ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી પરબતભાઈ ઉકાભાઈ વાઢેળ તથા રાજીબેન પરબતભાઈ વાઢેળ ના પુત્રી વાઢેળ શાંતાબહેન પરબતભાઈ નો જન્મ તારીખ.12/03/1964ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.189/2026
જન્મ તારીખ : 27/09/1982

શ્રી કંચનબેન કિશોરગીરી ગૌસ્વામી,
રહે.આલિદર, ગામ-આલિદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-આલીદર, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કંચનબેન કિશોરગીરી ગૌસ્વામી, રહે.આલિદર, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કિશોરગીરી છગનગીરી ગૌસ્વામી તથા શ્રી કંચનબેન કિશોરગીરી ગૌસ્વામી ના પુત્ર શૈલેશગીરી કિશોરગીરી ગૌસ્વામીનો જન્મ તારીખ.27/09/1982 ના રોજ કોડીનાર તાલુકાના આલિદર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.194/2026
જન્મ તારીખ : 27/12/1987

ધિરસિંહ પરબતભાઈ દાહિમા,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-કાજ, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ધિરસિંહ પરબતભાઈ દાહિમા રહે.કાજ, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ધિરસિંહ પરબતભાઈ દાહિમા તથા રતનબેન ધિરસિંહ દાહિમા ના પુત્ર યશ ધીરસિંહ દાહિમાનો જન્મ તારીખ.27/12/1987 ના રોજ કોડીનાર તાલુકાના કાજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ રજૂઆત કરવામાં આવશે

# અમરેલી-વિસાવદર બ્રોડગેજ મુદ્દે જૂનાગઢમાં રેલ્વે GMને રજૂઆત

**વ્યાજબી માંગણીઓ ઉકેલવા જી.એમ. દ્વારા ખાતરી અપાઈ**



અમરેલી,તા.૧૫

અમરેલીથી વિસાવદર વચ્ચે આઝાદી કાળની મીટર ગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા ધારી પત્રકાર સંઘ દ્વારા 'મિશન બ્રોડગેજ' નામની બિનરાજકીય મુહીમ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાનને સ્થાનિક સંસ્થાઓ, વેપારી મંડળો અને રાજકીય આગેવાનોનું વ્યાપક સમર્થન મળ્યું છે. તાજેતરમાં, માજી ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિલીપભાઈ કાનાબાર સહિતના પ્રતિનિધિ મંડળે જૂનાગઢ ખાતે રેલ્વેના જનરલ મેનેજર (જી.એમ.)ને રૂબરૂ મળી લેખિત-મૌખિક રજૂઆત કરી હતી.

આગેવાનોએ જણાવ્યું કે, અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના સર્વાંગી વિકાસ અને મુસાફરોની કનેક્ટિવિટી માટે આ પ્રોજેક્ટ અનિવાર્ય છે. રેલ્વે જી.એમ. દ્વારા આ અંગે યોગ્ય ન્યાય આપવાની ખાતરી અપાઈ છે. ધારી પત્રકાર સંઘના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ, હવે પછી સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને રૂબરૂ રજૂઆત કરવામાં આવશે અને પ્રજાહિતની આ માંગ સંતોષાય નહીં ત્યાં સુધી આ મિશન ગાંધી ચિંધ્યા માર્ગે ચાલુ રહેશે.

# દામનગરમાં સાંસદ અને ધારાસભ્યના હસ્તે વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ



દામનગર,તા.૧૫

શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિવિધ પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવનિર્મિત પીકઅપ બસ સ્ટેન્ડ, આધુનિક ગાર્ડન તેમજ સી.સી. રોડ સહિતના સુવિધાસભર જનહિતના કાર્યો પ્રજાને સમર્પિત કરાયા હતા.આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લાઠી-દામનગર વિસ્તારના વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી, જ્યારે સાંસદ ભરતભાઈ સુતરિયાએ કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતની પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં દામનગર નગરપાલિકાના પદાધિકારીઓ, ભાજપના અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગરના જુના પોલીસ સ્ટેશન-નાયબ મામલતદાર કચેરીની જગ્યા કચરા કેન્દ્ર બની



દામનગર,તા.૧૫

દામનગર શહેરની મધ્યમાં આવેલ જુનું પોલીસ સ્ટેશન, નાયબ મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીની જગ્યા છેલ્લા કેટલાક સમયથી ઉકરડા કેન્દ્ર બની ગઈ છે. આ જુના પોલીસ સ્ટેશનની અંદરના ભાગોમાં કચરાના થર જોવા મળે છે, બારી-બારણા, લોખંડ અદ્રશ્ય છે. જુની નાયબ મામલતદાર કચેરીના નીચેના ભાગોમાં અસહ્ય દુર્ગંધ મારતી ગંદકી ફેલાયેલી છે.

નીચે રાખેલ કચરા પેટીમાં ઠલવાતા કચરાને ગાય માતા ખાતી જોવા મળે છે. આ ઈમારતની આસપાસ ગંદકીને કારણે લોકોને અહીંથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. અહીંયા એવું લાગે છે કે નગરપાલિકા છે તો આવી હાલત કેમ છે, તે સવાલ છે. સંસદ સભ્ય અને ધારાસભ્ય આ જગ્યાની મુલાકાત લઈ નિરીક્ષણ કરશે તો ખ્યાલ આવશે કે સ્વચ્છતા અભિયાન કેવું અને કેટલું છે!

# રાજુલામાં ૧૬ જૂને યોજાશે ભવ્ય રોજગાર ભરતી મેળો

રાજુલા, ૧૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ. રાજુલા (ડુંગર રોડ) ખાતે ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ મેળામાં ૧૮ થી ૩૫ વર્ષની વય ધરાવતા અને ધોરણ ૧૦, ૧૨, ગ્રેજ્યુએટ, ડિપ્લોમા, બી.એસ.સી, બી.ફાર્મ કે ઓટોમોબાઈલની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઈચ્છુક ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક દસ્તાવેજો અને ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ માટે સરકારના 'અનુબંધમ પોર્ટલ' પર જોબસીકર તરીકે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. વધુ માહિતી માટે અમરેલી જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવો.

PGVCL | પ.ગુ.વિ.કું.લિ., વર્તુળ કચેરી, અમરેલી. | PGVCL

ટેન્ડર નોટીસ નં.૧૩૮/એમકો-૦૮/૨૦૨૬

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો / માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી.થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે

ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)

# અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.રળિયાતબેન તે દેવશીભાઈ પરસાણાના ધર્મપત્નીનું રાજકોટ મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું સદગત બેસણુ તા.૧૮/૦૬/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૯થી ૧૧ કોપર ક્લાસીક એપાર્ટમેન્ટ, રેલ્વે ક્રોસિંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લી. દ્વારકેશભાઈ દિનેશભાઈ પરસાણા-૭૭૭૭૦ ૪૪૪૮૯ મિતભાઈ સુનિલભાઈ પરસાણા ૭૭૭૭૦ ૩૭૭૦૦ તથા પરસાણા પરિવારના જયશ્રી કૃષ્ણ 'કોપર ગ્રૂપ' રાજકોટ.

# અમરેલીના ચિતલ રોડ પર આવેલું ૪૦ વર્ષ જૂનું જર્જરિત 'પરિમલ એપાર્ટમેન્ટ' સીલ કરવા ઉગ્ર માંગ

અમરેલી,તા.૧૫

અમરેલી શહેરના વોર્ડ નં-૨ માં ચિતલ રોડ પર આવેલું ૪૦ વર્ષ જૂનું 'પરિમલ એપાર્ટમેન્ટ' અતિ જર્જરિત હાલતમાં હોવાથી તેને તાત્કાલિક સીલ કરવાની માંગ સાથે સ્થાનિકો અને જનતા જનાર્દન દ્વારા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ખખડધજ બિલ્ડીંગના પથ્થરો વારંવાર રસ્તા પર પડતા હોવાથી અહીંથી પસાર થતા સ્કૂલના બાળકો અને રાહદારીઓ પર સતત મોતનું જોખમ તોળાઈ રહ્યું છે. ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને વોર્ડ નં-૨ ના કોર્પોરેટરો, નગરપાલિકા ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, હિન્દુ સેના અને 'અશ્વમેઘ' ટ્રસ્ટના રવિરાજભાઈ શેખવા સહિતના હોદ્દેદારોએ સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. આવેદનપત્રમાં જી.પી.એમ.સી. એક્ટની કલમો હેઠળ બિલ્ડીંગને 'ડેન્જરસ બિલ્ડીંગ' જાહેર કરી, રહીશોને ૨૪ કલાકમાં નોટિસ આપી ખાલી કરાવવા અને તેને તોડી પાડવા માંગ કરાઈ છે. ભવિષ્યમાં કોઈ જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે. આ અંગેની ઓનલાઈન ફરિયાદ CMO પોર્ટલ પર પણ નોંધાવવામાં આવી છે.

# રુદ્ર રાજ્યગુરૂની ABVPના અમરેલી જિલ્લા સંયોજક તરીકે વરણી કરાઈ



અમરેલી,તા.૧૫

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા અમરેલી જિલ્લાના યુવા કાર્યકર રુદ્ર નિખિલભાઈ રાજ્યગુરૂની જિલ્લા સંયોજક તરીકે વરણી કરવામાં આવી છે. અગાઉ કેમ્પસ પ્રમુખ, નગર સહમંત્રી અને ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નોંધપાત્ર સેવાઓ આપી ચૂકેલા રુદ્રભાઈએ હંમેશા વિદ્યાર્થી હિતના પ્રશ્નોને મક્કમતાથી વાચા આપી છે. તાજેતરમાં મહીસાગર જિલ્લામાં તેમની આગેવાની હેઠળ યોજાયેલો "અનુભૂતિ" કાર્યક્રમ પણ ખૂબ સફળ રહ્યો હતો. આ વરણીથી વડિયા-અમરેલી બ્રહ્મ સમાજ અને સંગઠન પરિવારમાં આનંદની લાગણી વ્યાપી છે અને સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.




# વાલ્મિકી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું શિક્ષણ સંગઠન દ્વારા સન્માન



બાબરા,તા.૧૫

બાબરા તાલુકાના વાલ્મિકી સમાજ શિક્ષણ સંગઠનના પ્રમુખ સંજયભાઈ પરમાર, ઉપપ્રમુખ નિલેશભાઈ પરમાર તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. સારા ગુણ સાથે પાસ થયેલા બાળકોને સ્કૂલ બેગ, નોટબુક, કંપાસ અને પાણીની બોટલ આપી શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે સંગઠન અમરેલી જિલ્લાના પ્રમુખ પંકજભાઈ વાળા, ઉપપ્રમુખ ભાવેશ વાળોદરા, મહામંત્રી મુકેશભાઈ વાઘેલા, કુંકાવાવ તાલુકા પ્રમુખ સચિન ગોહેલ, અમરેલી શહેર સંગઠનનાં ઉપપ્રમુખ લાલજી ચાવડા, મંત્રી કેવલ વાઘેલા, મંત્રી રાહુલ ખેદર ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલનો મુખ્ય હેતુ સમાજના બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમને ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવી સારા અધિકારી તથા જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા આપવાનો છે.

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.190/2026
જન્મ તારીખ :27/11/2017

હર્શિદાબેન હિતેન્દ્ર સોલંકી,
રહે. દીવ, ગામ-દીવ, તાલુકો-દીવ,
જિલ્લો-દીવ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-મુળ દ્વારકા, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હર્શિદાબેન હિતેન્દ્ર સોલંકી, રહે.દીવ, તાલુકો-દીવ, જિલ્લો-દીવ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હિતેંદ્ર જીવરાજ સોલંકી તથા હર્શિદાબેન હિતેન્દ્ર સોલંકી ના પુત્રી ગ્રુહીકા હિતેંદ્ર સોલંકી નો જન્મ તારીખ.27/11/2017ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.176/2026
જન્મ તારીખ :01/06/1985

શ્રી ભીમાભાઈ વરજાંગભાઈ સોલંકી,
રહે. જંત્રાખડી, ગામ-જંત્રાખડી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-જંત્રાખડી, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભીમાભાઈ વરજાંગભાઈ સોલંકી, રહે.જંત્રાખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી ભીમાભાઈ વરજાંગભાઈ સોલંકી તથા સમજુબેન ભીમાભાઈ સોલંકી ના પુત્રી હંસાબેન ભીમાભાઈ સોલંકી નો જન્મ તારીખ.01/06/1985ના રોજ કોડીનાર તાલુકાના જંત્રાખડી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**




-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.169/2026
જન્મ તારીખ : 12/12/1976

શ્રી કચ્છી આસિક ગની,
રહે.વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી કોડીનાર,
નગરપાલીકા,કોડીનાર, તા. કોડીનારકોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કચ્છી આસિક ગની, રહે.વેરાવળ, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગની ઉમરભાઈ કચ્છી તથા જુલેખાબેન ગની કચ્છી ના પુત્ર આસિફ ગની કચ્છીનો જન્મ તારીખ.12/12/1976 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



### જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરાયું

# અમરેલી જિલ્લામાં 'પ્રગતિપથ યાત્રા'નું સમાપન: રૂ. ૧૪ કરોડના ખર્ચે અમૃત સરોવરનો વિકાસ કરાશે

અમરેલી,તા.૧૫

રાજ્ય સરકારના સેવા, સુશાસન અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી' અંતર્ગત અમરેલી જિલ્લામાં યોજાયેલી પ્રથમ 'પ્રગતિપથ યાત્રા'નું ભવ્ય સમાપન થયું છે. જિલ્લા પ્રભારીમંત્રી અને રાજ્યના કૃષિ, સહકાર અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ વિકાસકાર્યો અને જનહિતના પ્રકલ્પોની પ્રગતિનું ઊંડાણપૂર્વક અવલોકન કરવામાં આવ્યું હતું.આ પ્રગતિપથ યાત્રામાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, સાંસદ ભરતભાઈ



સુતરિયા તેમજ ધારાસભ્યો જનકભાઈ તળાવિયા, મહેશભાઈ કસવાલા અને જે.વી. કાકડિયા સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.યાત્રા દરમિયાન મહાનુભાવોએ અમરેલીની વિરાટ શેડ ધરાવતી એ.પી.



એમ.સી. તેમજ સાવરકુંડલા ખાતે આશરે ૨૫ હેક્ટરમાં વિકસાવવામાં આવેલા અમૃ ત સરોવરની મુલાકાત લઈ વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ સાવરકુંડલાને આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સાવરકુંડલાનું અમૃત સરોવર પ્રથમ તબક્કામાં રૂ. ૫ કરોડના ખર્ચે તૈયાર કરાયું છે, જ્યારે બીજા તબક્કામાં રૂ. ૯ કરોડના ખર્ચે વધુ વિકાસના કાર્યો પ્રગતિ હેઠળ છે. આ પ્રકલ્પ જળસંચય, પર્યાવરણ અને સ્થાનિક પ્રવાસન માટે મહત્વનો સાબિત થશે.આ પૂર્વે અમરેલી ખાતે રાજ્ય સરકારની વિવિધ વિકાસલક્ષી સિધ્ધિઓને ઉજાગર કરતું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જેમાં શિક્ષણ, માર્ગ અને મકાન, વીજળીકરણ, નંદઘર તેમજ સિંચાઈ ક્ષેત્રે થયેલી પ્રગતિને તસવીરોના માધ્યમથી રજૂ કરાઈ હતી. આ પ્રગતિપથ યાત્રાએ સરકારના વિકાસ કાર્યોને જનમાનસ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

# ઠાંસા સેવા સહકારી મંડળીની ૬૫મી વાર્ષિક સભા યોજાઈ

અમરેલી,તા.૧૫

ઠાંસા સેવા સહકારી મંડળી લિ.ની ૬૫મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખ મોહનભાઈ ઈસામલીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. મંત્રી ભુપતભાઈ માલવીયાએ હિસાબો રજૂ કરતા જણાવ્યું કે મંડળીનું એન.પી.એ શૂન્ય છે અને ધિરાણ વસુલાત ૧૦૦ ટકા થઈ છે. સભામાં



મંડળીનો રૂા. ૧૯ લાખનો નફો દર્શાવી ૧૫% ડિવિડન્ડ જાહેર કરાયું હતું. આ ઉપરાંત, સભાસદના આકસ્મિક મૃત્યુ પર રૂા. ૧૫,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરાઈ હતી. આ તકે અમરેલી જી.મ.સ. બેંકના સીનિયર ઓફિસર રાજુભાઈ રીજીયા અને મેનેજર ભરતભાઈ ગરાણીયાએ સાયબર ફ્રોડ, અટલ પેન્શન તથા ગોલ્ડ લોન વિશે માહિતી આપી હતી. સુપરવાઈઝરોએ પ્રધાનમંત્રી વીમા યોજનાની સમજ આપી હતી. અંતમાં પ્રવિણભાઈ ઈસામલીયાએ આભારવિધિ કરી હતી.

# અમરેલીમાં 'સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન' અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ

અમરેલી,તા.૧૫

સ્વચ્છ ગુજરાત – પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં ભવ્ય સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા કચેરીથી શરૂ થયેલી આ રેલીમાં શહેરની વિવિધ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ નગરપાલિકાના




અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા, પર્યાવરણ સંરક્ષણ અને કચરાના યોગ્ય નિકાલ અંગેના સૂત્રોચ્ચારો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ભ્રમણ કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા નાગરિકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા, જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અને હરિત શહેરના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી.

# દામનગરમાં બંધ થયેલા લાંબા રૂટની એસ.ટી. બસો પુન: શરૂ કરવા રજૂઆત

દામનગર,તા.૧૫

દામનગર નગરપાલિકા વિસ્તાર અને આસપાસના ૨૦ થી વધુ ગામોના મુસાફરોની સુવિધા માટે બંધ થયેલા લાંબા રૂટની એસ.ટી. બસો ફરી શરૂ કરવા સામાજિક કાર્યકર અતુલ શુક્લએ લેખિત રજૂઆત કરી છે. તેમણે આ અંગે સરકારના મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને અમરેલીના વિભાગીય નિયામક




(ડી.એમ.) ને પત્ર પાઠવ્યો છે.પત્રમાં જણાવાયું છે કે, આશરે ૨૫ હજારની વસ્તી ધરાવતા દામનગરમાં નવું બસ સ્ટેન્ડ બન્યું છે, પરંતુ પૂરતી બસોના અભાવે લોકોને મુશ્કેલી પડી રહી છે. અગાઉ ચાલતા લાંબા રૂટના લોકલ અને એક્સપ્રેસ ફેરા બંધ થતાં મુસાફરોમાં અન્યાયની લાગણી છે. જો જૂના રૂટો પુનઃ શરૂ કરવામાં આવે, તો આ વિસ્તારના હજારો નાગરિકોને અવરજવરમાં મોટી રાહત મળશે અને એસ.ટી. તંત્રની આવકમાં પણ નોંધપાત્ર વધારો થશે.

### ડો. રતિદાદાની પ્રેરક ઉપસ્થિતિમાં દીકરીઓ અને વાલીઓએ લીધા શિક્ષણ-સંસ્કારના સંકલ્પો

# ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં ગાયત્રી યજ્ઞ સાથે પ્રવેશોત્સવ ઉજવાયો

ચલાલા,તા.૧૫

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત 'રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ' ખાતે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ નિમિત્તે ધોરણ-૯ ની દીકરીઓ માટે સંસ્કારમય પ્રવેશોત્સવ યોજાયો હતો. વૈદિક મંત્રોચ્ચાર અને ગાયત્રી યજ્ઞ સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં નવી દીકરીઓનું તિલક અને પુષ્પવર્ષા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પાવન વાતાવરણમાં દીકરીઓ અને વાલીઓએ યજ્ઞમાં આહુતિ આપી શિક્ષણ, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યના સંકલ્પો કર્યા હતા. કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કાર ધામના શિલ્પી પ.પૂ. સંતશ્રી ડૉ. રતિદાદા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીકરીઓને જીવનમાં ઉચ્ચ આદર્શો, શિસ્ત અને આત્મવિશ્વાસ સાથે આગળ



વધવા પ્રેરણા આપી હતી, તેમજ વાલીઓને દીકરીઓના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ તકે ભારતભૂષણ મહેશભાઈએ જણાવ્યું કે, આ શાળામાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરી દીકરીઓને આદર્શ નાગરિક બનાવવામાં આવે છે. નવા શૈક્ષણિક વર્ષને લઈ દીકરીઓમાં અદભુત ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય, શિક્ષકમંડળ અને મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી નવી દીકરીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૧૬-૦૬-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૫૮,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આદ્રા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૬-૨૦૨૬ મંગળવાર

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિધ્ધિઓ મળશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

ધન: આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મકર:આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

# અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી માટે તડામાર તૈયારીઓ

**પૂર્વ તૈયારીઓ અને વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી**

અમરેલી,તા.૧૫

આગામી ૨૧ જૂનના રોજ સમગ્ર અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાયેલી આયોજન બેઠકમાં કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ અને વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે તમામ વિભાગોને સંકલન સાથે કામગીરી પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. વર્ષ ૨૦૨૬ માટે "યોગ ફોર હેલ્ધી એજિંગ" થીમ હેઠળ યોગ દિનની ઉજવણી કરવામાં આવશે. યોગ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધે અને વધુમાં વધુ નાગરિકો યોગને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવે તે હેતુથી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે, જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, આરોગ્ય વિભાગ અને દિવ્યાંગજનો પણ ઉત્સાહપૂર્વક ભાગ લેશે. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા શહેરમાં અલગ અલગ વાહનોમાંથી ૧૨ બેટરીની ચોરી

**બેટરીની કિંમત આશરે રૂ.૭૮,૦૪૦**

રાજુલા, તા.૧૫

રાજુલામાં ફરી બેટરી ચોર ગેંગ સક્રિય થઈ હોવાની આશંકા છે. અલગ અલગ વાહનોમાંથી ૧૨ બેટરીની ચોરી થઈ હતી. આ અંગે કથીવદર ગામે રહેતા અને મેન્ટેનસ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતાં લાલાભાઈ જીણાભાઈ વાઘ (ઉ.વ.૪૧) એ એજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના તથા સાહેદોના હિંડોરણા ગામે નેશનલ હાઈવે સર્વિસ રોડની બાજુમાંથી તથા રાજુલા ટાઉનમાં રાખેલ અલગ અલગ વાહનોમાંથી કુલ બેટરી નંગ-૧૨ અલગ અલગ કંપનીની બેટરીની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની આશરે કિંમત.રૂ.૭૮,૦૪૦ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી એસ આઈ એમ એફ ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ગોઢાવદર ગામે ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં 'જન કલ્યાણ શિબિર' યોજાઈ

લીલીયા,તા.૧૫

ગોઢાવદર ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં 'જન કલ્યાણ શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી ગ્રામજનો સુધી પહોંચાડવા અને 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત 'વિકસિત ગુજરાત'નું સ્વપ્ન સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે આ શિબિર યોજાઈ હતી.આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાલાએ



અધિકારીઓને પ્રોએક્ટિવ થઈને કામગીરી કરવા સૂચના આપી હતી. આ શિબિરમાં ગોઢાવદર અને આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મામલતદાર એચ.બી. વાડા, તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક રાજકીય અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# લાઠીના શાખપુર ગામે યુવકને ગાળો બોલી ફેક્ચરની ઈજા કરી

લાઠી, તા.૧૫

લાઠીના શાખપુર ગામે યુવકને ગાળો બોલી ફેક્ચરની ઈજા કરી હતી. શાખપુર ગામે રહેતા અભિષેકભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૧૯) એ બુધાભાઈ ગભરાભાઈ ચાવડા, ભોળાભાઈ ગભરાભાઈ ચાવડા તથા ગભરાભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની વાછરડીઓ આરોપીના ઘરે જઈ ઘાસચારો ખાઈ બગાડ કરતી હતી. જે વાતનું મનદુખ રાખી ત્રણેય જણાએ જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી હતી. બુધાભાઈ ચાવડાએ પોતાના હાથમાં રહેલ લોખંડની પાઈપનો એક ઘા તેમના ડાબા હાથે મારી ફેકચરની ઈજા કરી હતી. જ્યારે અન્ય બંનેએ જેમફાવે તેમ ઢીકાપાટુનો માર માર્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી આર ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા રેલવે સ્ટેશન પાસેથી દારૂ, બીયરનો જથ્થો ઝડપાયો

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા રેલવે સ્ટેશન પાસેથી દારૂ, બીયરનો જથ્થો ઝડપાયો હતો. કલ્પેશભાઈ બાલુભાઈ બોસમીયાના કબજામાંથી પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી પ્લાસ્ટીકની બોટલો નંગ-૬૨ કિ.રૂ.૧૮,૧૦૦ તેમજ બીયર ટીન નંગ-૨૧ કિં.રૂ.૨૫૨૦ મળી કુલ રૂ.૨૦,૬૨૦નો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ૧૦ લોકો પીધેલા મળી આવ્યા હતા.

**તંત્રી લેખ**

# હોર્મુઝમા શાંતિનો સૂર્ય

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલતા તણાવને અંત આપવાના પ્રયાસરૂપે આગામી ૧૯ જૂને એક મહત્વપૂર્ણ શાંતિ કરાર થવાની ચર્ચા ચાલી રહી છે. લગભગ ૪૭ વર્ષથી બંને દેશો વચ્ચે ચાલતા રાજકીય અને લશ્કરી મતભેદો બાદ આ પ્રથમ ઉચ્ચ-સ્તરીય શાંતિ બેઠક ગણવામાં આવી રહી છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ટ્રમ્પ અને ઈરાની નેતૃત્વ વચ્ચે થયેલી સમજૂતી અંગે સત્તાવાર જાહેરાત કરી હોવાનું જણાવાયું છે. જોકે, કરારની શરતો અને તેના અમલીકરણ અંગે હજુ પણ અનેક પ્રશ્નો યથાવત્ છે. આ સંભવિત શાંતિ કરારની સૌથી મહત્વપૂર્ણ બાબત હોર્મુઝ સ્ટ્રેટનું પુનઃખુલવાનું છે. હોર્મુઝ સ્ટ્રેટ વૈશ્વિક તેલ વેપાર માટે અત્યંત મહત્વનો દરિયાઈ માર્ગ છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે, "દુનિયાના જહાજો, તમારા એન્જિન શરૂ કરો. તેલ વહેવા દો." આ નિવેદન દ્વારા તેમણે વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા માટે આ માર્ગના મહત્વ પર ભાર મૂક્યો હતો. અમેરિકાએ પણ ઈરાની બંદરો પરની નૌકાદળની નાકાબંધી હટાવવાની તૈયારી દર્શાવી છે. કરાર પર હસ્તાક્ષર થયા પછી દરિયાઈ માર્ગોમાં રહેલી સંભવિત લેન્ડમાઈન દૂર કરવાની કામગીરી શરૂ થઈ શકે છે. ઈરાને આ કરાર માટે ત્રણ મુખ્ય શરતો રજૂ કરી છે. પ્રથમ, અમેરિકાએ તાત્કાલિક નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવી જોઈએ. બીજી, યુધ્ધ અને તમામ લશ્કરી કાર્યવાહી તરત જ બંધ થવી જોઈએ. ત્રીજી, વિદેશમાં અટવાયેલું ઈરાનનું ભંડોળ મુક્ત કરવું જોઈએ. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબબાદીના જણાવ્યા મુજબ, આ ત્રણેય શરતો પૂર્ણ થયા પછી જ ૬૦ દિવસીય સત્તાવાર વાટાઘાટોનો પ્રારંભ થશે. બીજી તરફ, અમેરિકા આ મુદ્દે અલગ અભિગમ અપનાવી રહ્યું છે. અમેરિકી અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન પોતાની જવાબદારીઓનું પાલન કરે ત્યાર પછી જ કોઈ ભંડોળ મુક્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. એક અમેરિકી અધિકારીએ તો ઈરાનના દાવાઓને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા છે. પરિણામે, કરાર પર સહી થાય તે પહેલાં જ બંને પક્ષો વચ્ચે શરતોને લઈને મતભેદો જોવા મળી રહ્યા છે. ઈરાનની અંદર પણ આ કરારને લઈને ભારે વિરોધ ઊભો થયો છે. કટ્ટરપંથી સંગઠનો અને રૂઢિચુસ્ત નેતાઓ આ સમજૂતીને ઈરાનની શરણાગતિ સમાન ગણાવી રહ્યા છે. તેમના મત અનુસાર, યુધ્ધ દરમિયાન ઈરાને મેળવેલા કેટલાક વ્યૂહાત્મક લાભો આ કરારને કારણે નબળા પડી શકે છે. રાજ્ય નિયંત્રિત મીડિયાના કેટલાક વર્ગોએ પણ આ કરાર સામે વિરોધ વ્યક્ત કર્યો છે. આ દરમિયાન ટ્રમ્પે લેબનોનની રાજધાની બૈરુત પર ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાની ટીકા કરી છે. તેમના જણાવ્યા મુજબ, આ હુમલાઓ એવા સમયે થયા જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેનો શાંતિ કરાર અંતિમ તબક્કામાં હતો. આ ઘટનાને કારણે કરાર પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયા થોડા કલાકો માટે મુલતવી રાખવામાં આવી હતી. આ ઘટનાએ મધ્યપૂર્વમાં શાંતિ સ્થાપિત કરવાની પ્રક્રિયાની નાજુકતા ફરી એકવાર ઉજાગર કરી છે. આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે એક સકારાત્મક સમાચાર પણ સામે આવ્યા છે. ઓમાનના દરિયાકાંઠે મુશ્કેલીમાં મુકાયેલા ભારતીય ધ્વજવાહક જહાજ સ્જીફ વિરાટ-૧ના તમામ ૧૪ ભારતીય ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. મસ્કતમાં સ્થિત ભારતીય દૂતાવાસે સફળતાપૂર્વક આ બચાવ કામગીરી પૂર્ણ કરી હતી. આખરે કહી શકાય કે આ કરાર દેખાવમાં શાંતિની નવી શરૂઆત જેવો લાગે છે, પરંતુ તેની સફળતા હજુ પણ અનેક પડકારો પર નિર્ભર છે.

# AI યુધ્ધમાં અમેરિકાનો મોટો પ્રહાર : ફેબલ-માયથોસ પર વૈશ્વિક પ્રતિબંધ

અમેરિકાએ એન્થ્રોપિક કંપનીના બે સૌથી શક્તિશાળી AI મોડેલા ફેબલ ૫ અને માયથોસ ૫ પર વૈશ્વિક પ્રતિબંધ મૂકી દીધો હોવાના અહેવાલોએ સમગ્ર ટેકનોલોજી જગતમાં ચર્ચા જગાવી છે. આ બંને મોડેલો જટિલ ડેટા વિશ્લેષણ, કોડિંગ, સંશોધન અને એન્ટરપ્રાઈઝ ઓટોમેશન જેવા ક્ષેત્રોમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા હોવાનું માનવામાં આવે છે. જો આવા મોડેલો અચાનક ઉપલબ્ધ ન રહે, તો તેની અસર વિશ્વભરના AI ઉદ્યોગ પર પડી શકે છે. ખાસ કરીને ભારત જેવા દેશમાં, જ્યાં હજારો ડેવલપર્સ, સેંકડો સ્ટાર્ટઅપ્સ અને મોટી IT કંપનીઓ અદ્યતન AI ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, ત્યાં આવા બદલાવના ગંભીર પરિણામો જોવા મળી શકે છે. ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા AI બજારોમાંનું એક છે. દેશના ટેક સ્ટાર્ટઅપ્સ, ફ્રીલાન્સ ડેવલપર્સ અને મોટી સોફ્ટવેર કંપનીઓ વિવિધ વિદેશી AI મોડેલોનો ઉપયોગ કરીને નવીન સેવાઓ અને ઉત્પાદનો વિકસાવે છે. જો કોઈ અદ્યતન AI મોડેલ અચાનક બંધ થઈ જાય અથવા તેના પર પ્રતિબંધ લાગી જાય, તો તે મોડેલ પર આધારિત વ્યવસાયો માટે મોટો પડકાર ઉભો થઈ શકે છે. ઘણી ભારતીય કંપનીઓએ પોતાના AI આધારિત સોલ્યુશન્સ આવા મોડેલો પર નિર્માણ કર્યા હોય છે. પરિણામે, મોડેલની ઉપલબ્ધતા બંધ થતાં તેમને નવી ટેક્નોલોજી શોધવી, સિસ્ટમમાં ફેરફાર કરવો અને કર્મચારીઓને નવી તાલીમ આપવી જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ પ્રક્રિયા સમય અને ખર્ચ બંનેની માંગ કરે છે. મોટી કંપનીઓ પાસે નાણાકીય અને ટેક્નિકલ સંસાધનો વધુ હોય છે, તેથી તેઓ વિકલ્પરૂપ AI મોડેલો તરફ ઝડપથી સ્થળાંતર કરી શકે છે. પરંતુ નાના અને મધ્યમ કદના સ્ટાર્ટઅપ્સ માટે આ સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. તેમને નવા મોડેલનું મૂલ્યાંકન કરવું, તેની સાથે પોતાની સિસ્ટમને સુસંગત બનાવવી અને ગ્રાહકોને સતત સેવા આપવી જેવી અનેક જવાબદારીઓ નિભાવવી પડે છે. ઘણા સ્ટાર્ટઅપ્સ માટે આ ખર્ચાળ પ્રક્રિયા સાબિત થઈ શકે છે. કેટલાકને પોતાની સેવાઓ મર્યાદિત કરવી પડે અથવા વ્યવસાયિક મોડેલમાં મોટા ફેરફારો કરવા પડે. AI સંશોધન ક્ષેત્ર પણ આવા પરિવર્તનોથી પ્રભાવિત થઈ શકે છે. ઘણી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ અદ્યતન AI મોડેલોનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ્સ ચલાવે છે. જો આવા મોડેલો ઉપલબ્ધ




ન રહે, તો સંશોધકોને વૈકલ્પિક ટેક્નોલોજી અપનાવવી પડશે. PhD સંશોધકો, વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકો માટે આનો અર્થ સંશોધનમાં વિલંબ, નવી પધ્ધતિઓ શીખવાની જરૂરિયાત અને કેટલાક કિસ્સાઓમાં પ્રોજેક્ટ્સનું પુનઃડિઝાઈનિંગ પણ થઈ શકે છે. જોકે, આ પડકાર નવી શોધખોળ અને સ્વતંત્ર સંશોધન માટેના માર્ગો પણ ખોલી શકે છે. દરેક સંકટ નવી તકો લઈને આવે છે. આ ઘટના ભારત માટે એક

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે વિદેશી AI મોડેલો પર સંપૂર્ણ નિર્ભરતા લાંબા ગાળે જોખમી બની શકે છે. ટેક્નોલોજીકલ સ્વાવલંબન હવે માત્ર એક વિકલ્પ નથી, પરંતુ વ્યૂહાત્મક આવશ્યકતા બની રહ્યું છે. ભારતમાં પહેલેથી જ અનેક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ મોટા ભાષા મોડેલો (LLMs) અને જનરેટિવ AI ટેક્નોલોજી પર કામ કરી રહ્યા છે. જો તેમને પૂરતું સરકારી અને ખાનગી સમર્થન મળે, તો તેઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક AI સોલ્યુશન્સ વિકસાવી શકે છે. ભારત સરકારે AI ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણો શરૂ કર્યા છે, પરંતુ હવે આ પ્રયાસોને વધુ ગતિ આપવાની જરૂર છે. દેશને પોતાના મોટા ભાષા મોડેલો વિકસાવવા માટે મજબૂત કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉચ્ચ ક્ષમતાવાળા GPU ક્લસ્ટર્સ અને આધુનિક ડેટા સેન્ટર્સની જરૂર પડશે. સાથે જ, ભારતીય ભાષાઓ, સંસ્કૃતિ અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વિશાળ અને ગુણવત્તાસભર ડેટાસેટ્સ તૈયાર કરવા પડશે. ગુજરાતી, હિન્દી, મરાઠી, તમિલ, તેલુગુ અને અન્ય ભાષાઓમાં તાલીમ પામેલા AI મોડેલો દેશના કરોડો લોકો માટે વધુ ઉપયોગી સાબિત થઈ શકે છે. આ ઘટના માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે એક ચેતવણી સમાન છે. હવે કંપનીઓ એક જ AI મોડેલ પર નિર્ભર રહેવાને બદલે "મલ્ટી-મોડલ સ્ટ્રેટેજી" અપનાવશે. એટલે કે, તેઓ એકસાથે અનેક AI પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરશે જેથી કોઈ એક મોડેલમાં સમસ્યા આવે તો તેમની સેવાઓ ચાલુ રહી શકે. યુરોપ, જાપાન, દક્ષિણ કોરિયા અને અન્ય દેશો પણ પોતાના AI મોડેલો વિકસાવવા માટે વધુ પ્રોત્સાહિત થઈ શકે છે. AI ટેક્નોલોજી હવે થોડા દેશો અથવા કંપનીઓ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ વૈશ્વિક સ્તરે વધુ વિકેન્દ્રિત બનશે. ભારત સરકારે AI વિકાસને રાષ્ટ્રીય પ્રાથમિકતા તરીકે જોવું જોઈએ. પ્રથમ પગલું મજબૂત AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો છે. મોટા મોડેલો માટે ઉચ્ચ ક્ષમતાવાળા કમ્પ્યુટિંગ સાધનો અને ડેટા સેન્ટર્સની ઉપલબ્ધતા અત્યંત જરૂરી છે. બીજું પગલું ગુણવત્તાસભર ડેટા એકત્રિત કરવાનું છે. AI મોડેલોની સફળતા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ અને વિશ્વસનીય ડેટા પર આધારિત હોય છે. સરકાર, યુનિવર્સિટીઓ અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સહયોગ વધારવો આવશ્યક છે. ત્રીજું અને સૌથી મહત્વપૂર્ણ પગલું કુશળ માનવસંસાધન વિકસાવવાનું છે. ભારત પાસે વિશાળ પ્રતિભાશાળી યુવા વસ્તી છે. તેમને અદ્યતન AI શિક્ષણ, સંશોધન તકો અને વૈશ્વિક સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાથી દેશ AI ક્ષેત્રમાં આગેવાની મેળવી શકે છે. જો કોઈ વ્યક્તિ AI ચેટબોટ્સ, AI લેખન સાધનો, AI ઈમેજ જનરેટર્સ અથવા AI આધારિત મોબાઈલ એપ્લિકેશન્સનો ઉપયોગ કરે છે, તો ટૂંકા ગાળામાં કેટલીક સેવાઓમાં ફેરફાર જોવા મળી શકે છે. કેટલીક સેવાઓ મોંઘી થઈ શકે છે, કેટલીકની ગુણવત્તામાં ફેરફાર થઈ શકે છે અને કેટલીક કંપનીઓ નવા મોડેલો તરફ સ્થળાંતર કરી શકે છે. પરંતુ લાંબા ગાળે, જો ભારત પોતાના સ્વદેશી AI મોડેલો વિકસાવવામાં સફળ થશે, તો વપરાશકર્તાઓને વધુ સસ્તી, વધુ સુલભ અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ સેવાઓ મળી શકે છે. ફેબલ ૫ અને માયથોસ ૫ જેવા અદ્યતન AI મોડેલો પર પ્રતિબંધની કલ્પિત પરિસ્થિતિ ટેક્નોલોજીકલ નિર્ભરતાના જોખમોને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ભારત માટે આ એક પડકાર છે, પરંતુ સાથે સાથે એક અનોખી તક પણ છે. જો દેશ સમયસર યોગ્ય રોકાણ, સંશોધન અને નીતિગત પગલાં લેશે, તો તે માત્ર AI ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે જ નહીં, પરંતુ વૈશ્વિક AI શક્તિ તરીકે પણ ઉભરી શકે છે.AIનું ભવિષ્ય માત્ર ટેક્નોલોજી વિશે નથી; તે રાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા, આર્થિક વિકાસ અને જ્ઞાન આધારિત સમાજના નિર્માણ સાથે જોડાયેલું છે. તેથી ભારત માટે હવે AI સ્વનિર્ભરતા કોઈ વિકલ્પ નથી, પરંતુ એક અનિવાર્યતા બની ગઈ છે.

**ભારતની AI સ્વનિર્ભરતા હવે અનિવાર્ય બની ચુકી છે ભારતે આ ક્ષેત્રમાં હવે ઝડપી પગલાં લેવા જરૂરી બની ગયા છે જોકે ભારતે માઇક્રો ચિપના ઉત્પાદનમાં મહારત હાંસલ કરી છે.**

## શબ્દ સંજોગ-૨૨૧૫



**આડી ચાવી :**
(૧) જૂદુ, અજાણ્યુ (૩)
(૪) લાખ રીતે (૩)
(૭) અને (૧)
(૮) સ્ત્રીઓનું પગનું એક ઘરેણુ (૩)
(૯) પ્રતિષ્ઠિત, આગેવાન (૪)
(૧૧) પક્ષ, તરફેણ (અ) (૨)
(૧૨) એક વાદ્ય (૨)
(૧૩) ખુશી, આનંદ (૨)
(૧૪) ગાય (૩)
(૧૬) જે જગ્યાએ (૧)
(૧૭) મોર કરે (અ) (૨)
(૧૯) સાંધાનો કડાકો (૩)
(૨૧) રાજાઓના ગુણવાન ગાનાર માણસ (૨)
(૨૨) પાંડુનો દીકરો (૩)
(૨૪) રેલવેનું ભોયરુ (૩)
(૨૭) ઝટ, ચટ (૨)
(૨૮) ભાગીદાર, સાથી (૩)
(૨૯) તહોમત, કલંક (૨)
(૩૦) બહાનુ, મિષ (૩)
(૩૨) દિવસે ન દેખતુ (૩)
(૩૪) તસ્દી (૪)
(૩૫) નસીબ અંગ્રેજીમાં (૨)

**ઉભી ચાવી :**
(૧) જહાજ ભાગવાનો ઉદ્યોગ આ સ્થળે (૩)
(૨) આજકાલ બધા ક્ષેત્રમાં....જ ચાલે છે (૪)
(૩) હદય, હૈયુ (૨)
(૪) એક કંદ (૩)
(૫) નાશ પામે એવુ (૨)
(૬) એક વનસ્પતિ (૩)
(૧૦) રઝળપાટ કરવી તે (૪)
(૧૨) સીતાહરણ વખતે મૃગનું રૂપ લેનાર રાક્ષસ (૩)
(૧૫) વેચાણ ઉપરનું વળતર (૩)
(૧૮) અંગનું અંગ (૩)
(૨૦) એક પક્ષી (૩)
(૨૧) લલાટ, કપાળ (૨)
(૨૩) નગારા પર ચામડા મઢનારો (૪)
(૨૫) ને ક દિલવાળુ, પ્રામાણિક (૪)
(૨૬) કપડા વણવાનું ઓજાર (૨)
(૨૮) મોર, શકુન (૩)
(૨૯) પ્રારંભનું (૨)
(૩૧) દુઃખ (૨)
(૩૩) અપરાધ, દોષ (૨)

## શબ્દ સંજોગ-૨૨૧૪ જવાબ

**આડી ચાવી:** (૧) ઝપતાલ (૪) અંગના (૭) જીપ (૮) બયાન (૧૦) ડંમર (૧૨) કવા (૧૪) રવેશ (૧૬) હે (૧૭) બાજરી (૧૮) પદી (૨૦) નદ (૨૧) રક(કર) (૨૩) પલાશ (૨૬) નરવું (૨૭) મનવાર (૩૦) સરભર (૩૧) કલહંસ. **ઉભી ચાવી:** (૧) ઝણ (૨) તાજી (૩) લપડં (૪) અંબર (૫) ગયા (૬) નાનક (૯) હવેજ (૧૧) મડપ (૧૩) વાખદ (૧૪) રબાબ (૧૫) શરીર (૧૯) દીપન (૨૦) નશવુ (૨૨) કલવાર (૨૪) લાર (૨૫) કમર (૨૮) નભ (૨૯) પ્રાસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૮૨૦ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૦૭૧ |
| જુવાર લાલ | ૧૦૪૦ | ૧૧૧૧ |
| જુવાર પીળી | ૪૨૧ | ૫૦૦ |
| બાજરી | ૩૫૧ | ૪૩૬ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૩૦ |
| ચણા પીળા | ૧૦૬૦ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૩૧૦ | ૧૬૮૦ |
| મગ | ૧૨૧૧ | ૧૭૬૦ |
| વાલ દેશી | ૭૦૫ | ૧૧૧૨ |
| ચોળી | ૧૦૫૦ | ૧૫૪૦ |
| વટાણા | ૫૫૦ | ૯૦૧ |
| કળથી | ૩૧૫ | ૪૩૨ |
| રાજમા | ૩૦૦ | ૧૩૭૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૮૧૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૫૮ |
| મગફળી જીણી | ૧૦૯૦ | ૧૫૩૬ |
| તલી | ૧૮૦૦ | ૨૪૨૧ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૪૧૫ |
| એરંડા | ૧૨૬૫ | ૧૩૭૧ |
| અજમો | ૨૦૦૦ | ૨૭૨૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૪૧૧ |
| સીંગફાડા | ૧૩૧૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૯૬ |
| લસણ | ૧૦૩૦ | ૨૧૫૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૫૦૦ |
| ધાણી | ૨૩૪૦ | ૨૬૭૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૯૯૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૯૩૫ |
| રાય | ૧૨૭૦ | ૧૬૮૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૮૮૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૪૬૦ |
| અશેરીયો | ૧૦૬૦ | ૧૦૬૦ |
| કલોંજી | ૨૯૭૫ | ૩૪૪૦ |
| રાયડો | ૧૧૬૦ | ૧૪૧૭ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૮૩૮૬ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૯૮ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૭૫૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૩૬ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૭૭૬ |
| સિંગદાણા જાડા | ૧૫૫૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૦ | ૧૩૫૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૪૦૬૧ |
| કલંજી | ૧૪૦૧ | ૩૪૧૧ |
| વરીયાળી | ૯૨૬ | ૧૩૪૧ |
| ધાણા | ૧૭૫૧ | ૨૭૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૫૯૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૪૧૧ |
| અડદ | ૯૦૦ | ૧૭૧૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૭૧ |
| રાયડો | ૭૨૬ | ૯૫૧ |
| રાય | ૧૫૪૧ | ૧૫૮૧ |
| મેથી | ૯૫૧ | ૧૩૩૧ |
| કાંગ | ૨૭૧ | ૫૭૧ |
| ગુવાર બી | ૮૭૬ | ૯૮૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૬૧૬ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૭૮૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૪૪૧ |
| ધાણી | ૧૮૫૧ | ૨૮૧૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૦૪ |
| બાજરો | ૨૫૧ | ૪૪૧ |
| જુવાર | ૩૯૧ | ૧૦૮૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૯૧ |
| મગ | ૧૦૫૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| વાલ | ૩૧૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૧૩૨૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૭૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૨૮૧ | ૭૫૧ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૯૦ | ૧૬૮૦ |
| શિંગદાણા | ૧૫૩૫ | ૧૯૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૮૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૭૮૦ |
| તલ કાશમીરી | ૧૮૪૦ | ૨૩૭૦ |
| બાજરો | ૨૫૫ | ૪૫૦ |
| જુવાર | ૪૨૦ | ૧૦૩૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૨૫ |
| અડદ | ૧૪૮૫ | ૧૪૮૫ |
| ચણા | ૮૭૦ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૯૬૦ | ૧૧૭૫ |
| વટાણા | ૫૦૦ | ૫૪૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૭૫ |
| વાલ | ૮૦૦ | ૧૪૫૦ |
| કપાસ | ૧૦૩૫ | ૧૮૩૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૦૫૦ | ૩૭૦૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૭૫ |
| રાય | ૧૦૧૫ | ૧૫૬૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૬૫૦ |
| અજમા | ૧૨૦૦ | ૨૮૦૦ |
| મેથી | ૧૦૯૫ | ૧૫૦૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૫૫ |
| વરીયાળી | ૧૪૩૦ | ૧૮૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૨૬ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૭૫ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૦૨ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૭૦૦ | ૧૦૫૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૮૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ઘઉં લોકવન | ૪૨૪ | ૪૫૬ |
| ચણા | ૧૦૭૫ | ૧૧૪૪ |
| તુવેર | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૩૫૦ | ૨૩૯૦ |
| મગ | ૧૫૭૧ | ૧૫૭૧ |
| તલ સફેદ | ૨૩૨૫ | ૨૩૯૫ |
| તલ કાળા | ૨૫૧૦ | ૨૭૦૦ |
| કલોંજી | ૨૬૨૫ | ૨૬૨૫ |
| શીંગફાડા | ૧૦૫૧ | ૨૨૫૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| રાઈ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૨૪૦ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૦૭૦ | ૧૨૭૦ |
| ઘઉ લોકવન | ૩૫૦ | ૪૫૩ |
| જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| ઘઉ ટુકડા | ૪૩૭ | ૪૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ કાળા | ૩૧૫૫ | ૩૧૫૫ |
| ધાણા | ૧૯૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૮૫૫ | ૮૫૫ |
| મગ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૯૮૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૨૫૦૧ |
| શીંગદાણા | ૧૪૫૫ | ૧૮૦૦ |
| લશણ | ૭૦૦ | ૧૦૦૦ |
| ચણા સોલે | ૧૨૨૫ | ૧૨૨૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| વાલ | ૬૩૫ | ૬૩૫ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૨૦ | ૧૮૬૮ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૨૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૨૩૪૦ |
| તલ કાળા | ૨૮૪૫ | ૩૫૯૫ |
| જીરૂ | ૨૯૭૦ | ૩૯૮૦ |
| ચણા | ૧૧૩૮ | ૧૧૬૨ |
| ઘઉ | ૪૬૫ | ૫૦૫ |
| તુવેર | ૧૧૩૦ | ૧૨૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૮ |
| જુવાર | ૫૬૧ | ૫૬૧ |
| મગ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૬ |
| અડદ | ૮૫૧ | ૧૫૧૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૪૧ |
| મગફળી | ૮૦૧ | ૧૩૭૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૭૯૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૫૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૦૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૦૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૭૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૭૪૬ |
| લસણ | ૭૨૧ | ૭૨૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૩૧ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૦૭૨ | ૧૫૨૬ |
| શીંગ મીનાક્ષી | ૧૧૧૫ | ૧૫૧૯ |
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૩૦૦ |
| શીંગ જી-૨૦ | ૯૪૦ | ૧૩૫૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૨ |
| જુવાર | ૫૦૧ | ૧૧૦૯ |
| બાજરી | ૩૬૫ | ૪૮૭ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૧૬ |
| મકાઈ | ૩૯૯ | ૪૬૩ |
| અડદ | ૭૦૦ | ૧૬૫૯ |
| મગ | ૧૨૦૧ | ૧૭૫૦ |
| સોયાબીન | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૭૮ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૨૬ |
| તલ કાળા | ૫૫૫ | ૩૪૭૦ |
| તુવેર | ૫૦૦ | ૧૨૨૪ |
| મેથી | ૭૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લાલ | ૯૬ | ૪૫૦ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૩૮૦ |
| કપાસ શંકર | ૩૯૦ | ૧૫૨૮ |
| નાળીયેર | ૩૫૦ | ૨૨૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૯૨ |
| ઘઉં | ૪૨૫ | ૪૮૦ |
| રાય | ૧૪૦૦ | ૧૫૬૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૮૨ |
| જુવાર | ૭૦૦ | ૧૧૪૦ |
| મગ | ૧૪૦૦ | ૧૮૭૨ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૮૨ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૮૦ | ૧૦૪૫ |
| બાજરો | ૩૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૮ |
| મગ | ૧૫૦૦ | ૧૭૭૫ |
| અડદ | ૯૪૦ | ૧૬૧૦ |
| તુવેર | ૭૦૫ | ૧૩૬૫ |
| ચોળી | ૫૮૫ | ૧૩૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૨ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૪ |
| તલ | ૧૮૦૦ | ૨૪૧૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૬૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૮૪ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| લસણ | ૮૦૦ | ૨૦૫૦ |
| કપાસ | ૯૫૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૮૫ |
| અજમો | ૨૨૨૫ | ૩૨૫૦ |
| અજમાની ભૂસી | ૬૦ | ૨૭૦૦ |
| ધાણા | ૨૨૫૦ | ૨૬૫૫ |
| ડુંગળી સુકી | ૮૫ | ૨૬૫ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૭૫૦ |
| વટાણા | ૩૭૫ | ૬૯૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૦૨ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૮૧ |
| તલ કાળા | ૨૭૦૨ | ૨૮૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| બાજરો | ૩૭૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૦ |
| જુવાર | ૫૬૦ | ૧૧૨૯ |
| મગ | ૧૬૦૦ | ૧૬૫૭ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૭૦૧ | ૧૧૨૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| રાય | ૧૩૨૭ | ૧૩૨૭ |
| અજમાં | ૧૮૦૦ | ૨૨૫૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરક્ષાને ધ્યાનમાં રાખીને સાસણ ગીર અને ગિરનાર જંગલ સફારી ૪ મહિના માટે બંધ

**૧૫ ઓક્ટોબરે ચોમાસું પૂર્ણ થયા બાદ સફારી પ્રવાસીઓ માટે ફરી ખુલ્લી મૂકવામાં આવશે**



ગીર સોમનાથ,તા. ૧૫

વન વન્યજીવોની સુરક્ષા અને પ્રવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા સાસણ ગીર તેમજ ગિરનાર જંગલ સફારી આજ સાંજથી આગામી ચાર મહિના માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષની પરંપરા મુજબ હવે આગામી ૧૫ ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે સિંહ દર્શન સંપૂર્ણપણે બંધ રહેશે. ચોમાસાની ઋતુ દરમિયાન જંગલના કાચા રસ્તાઓ ધોવાઈ જવાની ભીતિ રહે છે અને વહેતી નદીઓમાં ઘોડાપૂર આવવાની સ્થિતિ સર્જાતી હોવાથી આ પગલું લેવાયું છે. આ ઉપરાંત ચોમાસાનો સમયગાળો વન્યજીવો માટે ખૂબ જ સંવેદનશીલ પ્રજનનકાળ હોય છે, જેમાં માનવીય ખલેલ અટકાવવી અનિવાર્ય છે. પ્રવાસીઓની વાહનોની અવરજવર અટકાવીને કુદરતી સંતુલન જાળવવાનો પ્રયાસ કરાયો છે. ૧૫ ઓક્ટોબરે ચોમાસું પૂર્ણ થયા બાદ માર્ગોની સ્થિતિ અને સુરક્ષાની સમીક્ષા કરીને સફારી પ્રવાસીઓ માટે ફરી ખુલ્લી મૂકવામાં આવશે.


# ધારીની સિવિલ હોસ્પિટલમાં આગામી સપ્તાહે ત્રણ ડોક્ટરોની જગ્યાઓ ખાલી થવાથી દર્દીઓને પડશે મુશ્કેલી

**કાયમી ડોક્ટરોની નિમણૂક કરાશે કે પછી પ્રજાને રામભરોસે છોડી દેવાશે?**

ધારી,તા.૧૫

ગીર સરહદના ગ્રામીણ વિસ્તારો અને ધારી તાલુકાના હજારો ગરીબ દર્દીઓ માટે આશાનું કિરણ બનેલી અદ્યતન સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ડોક્ટરો વિહોણી બનવાની સ્થિતિમાં મુકાઈ ગઈ છે. ઉત્કૃષ્ટ તબીબી સેવાઓ અને મફત પ્રસુતિ (નોર્મલ તથા સિઝેરિયન) સારવારના કારણે અહીં દર્દીઓનો ભારે ધસારો રહેતો હતો, પરંતુ એક જ સપ્તાહમાં ત્રણ-ત્રણ ડોક્ટરોની જગ્યાઓ ખાલી થઈ રહી છે.

તાજેતરમાં જ એક ડોક્ટરે હોસ્પિટલમાંથી રાજીનામું આપી પોતાની ખાનગી હોસ્પિટલ શરૂ કરી દીધી છે. જ્યારે બીજી તરફ, છેલ્લા



એક વર્ષથી અનેક જિંદગીઓ બચાવનાર મુખ્ય ગાયનેક ડોક્ટર પણ ટૂંક સમયમાં જ આ હોસ્પિટલ છોડીને જવાના છે. હોસ્પિટલમાં ડાયાલિસિસ, બ્લડ સ્ટોરેજ અને એક્સ-રે જેવી સુવિધાઓની માંગ પ્રબળ બની છે, ત્યારે નિષ્ણાત તબીબોની અછતથી જનતામાં રોષ છે. સ્થાનિક જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે લોકપ્રતિનિધિઓ કાયમી ડોક્ટરોની નિમણૂક કરાવશે કે પછી પ્રજાને રામભરોસે છોડી દેવાશે?

# કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ સરકારી કર્મચારીઓ અંગેના નિવેદનની માફી માગી

ગાંધીનગર,તા. ૧૫

ગોધરામાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ગુજરાતના કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ શિક્ષકો અને સરકારી કર્મચારીઓની કાર્યશૈલી અંગે વિવાદિત ટિપ્પણી કરી હતી, જેને કારણે રાજ્યભરના શૈક્ષણિક આલમમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે સખત વિરોધ નોંધાવ્યો હતો અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને મંત્રી જાહેરમાં માફી માંગે તેવી કડક માંગ કરી હતી. લાગણીઓને ધ્યાનમાં રાખીને આખરે કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ નમ્રતાપૂર્વક એક વીડિયો સંદેશ જાહેર કર્યો હતો. જેમાં તેમણે શિક્ષક મિત્રોની માફી માંગીને પોતાના શબ્દો પાછા ખેંચ્યા હતા અને વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો હતો.

# અમરેલીના ગજેરા શૈક્ષણિક સંકુલમાં સંગીતમય માહોલ સાથે નવા શત્રનો શુભારંભ

અમરેલી, ૧૫

શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત, ચક્કરગઢ રોડ પર આવેલા શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે નવા શૈક્ષણિક સત્રની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાની સ્કૂલ, કોલેજ અને હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે સત્ર



શુભારંભ નિમિત્તે એક ભવ્ય સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સંગીત સંધ્યામાં જાણીતા કલાકાર રશ્મીબેન પરમાર દ્વારા દેશભક્તિ, ફિલ્મી ગીતો અને લોકગીતોની શાનદાર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંકુલના વિશાળ મેદાનમાં ઉપસ્થિત સેંકડો વિદ્યાર્થીઓએ આ સંગીતમય માહોલનો ભરપૂર આનંદ માણ્યો હતો અને ગીતોના તાલ પર ઉત્સાહપૂર્વક ઝૂમી ઉઠ્યા હતા. સંસ્થાના મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા નવા સત્રની શરૂઆત ખૂબ જ હર્ષોલ્લાસ અને ઉજવણીમય વાતાવરણમાં થઈ હતી.

# ગોંડલ નાગરિક સહકારી બેંકની ૭૧મી સાધારણ સભા સંપન્ન: જયરાજસિંહના વિરોધીઓ પર પ્રહારો

ગોંડલ,તા.૧૫

ગોંડલ નાગરિક સહકારી બેંકની ૭૧મી વાર્ષિક સાધારણ સભા કડવા પટેલ સમાજ વાડી ખાતે યોજાઈ હતી. બેંકના ચેરમેન કિશોરભાઈ કાલરીયાએ જણાવ્યું કે, બેંક રેકોર્ડબ્રેક નફો કરી રહી છે અને ફિક્સ ડિપોઝિટ ૨૬૨ કરોડથી વધીને ૪૦૮ કરોડે પહોંચી છે. સભામાં મેનેજર દિલીપભાઈ ભટ્ટે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ



કે, હજી જમીન ખરીદાઈ નથી કે પાયો પણ નખાયો નથી, છતાં ભ્રષ્ટાચારના ખોટા આક્ષેપો કરી સંસ્થાને બદનામ કરવા RBI માં પત્રવ્યવહાર કરાય છે. તેમણે સભાસદોને ફરિયાદો વિના સંકોચે જણાવવા અપીલ કરી હતી.

# ગોંડલમાં આંગડિયા પેઢીમાં રૂ. ૨.૩૧ કરોડની ઉચાપત: ૧૪ વર્ષ જૂના મેનેજરે જ આચર્યું કૌભાંડ

ગોંડલ,તા.૧૫

ગોંડલમાં આંગડિયા પેઢીના મેનેજરે માલિકનો વિશ્વાસઘાત કરી કરોડોની ઉચાપત આચર્યાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટના હર્ષદભાઈ બોરીયાની 'પી.એમ. આંગડિયા પેઢી'માં ૧૪ વર્ષથી કાર્યરત મેનેજર મયુર ઢોલે પોતાના બનેવી જલ્પેશભાઈ ઝાપડિયા સાથે મળીને ૨ કરોડ ૬૧ લાખ રૂપિયાનો



તસવીર : ભોજાણી દેવાંગ

ગોટાળો કર્યો હતો. મયુરે શાપર, જેતપુર અને ધોરાજી બ્રાન્ચમાંથી આ રકમ સેરવી લીધી હતી. સીસીટીવી ફૂટેજમાં જલ્પેશ કેદ થતાં સમગ્ર ચોરી પકડાઈ ગઈ હતી. આરોપીઓએ માત્ર ૩૦ લાખ પરત કરી, બાકીના ૨ કરોડ ૩૧ લાખ આપવાનો ઈનકાર કર્યો અને માલિકને ધમકી આપી હતી. આ કબૂલાતનો વિડીયો માલિકની દીકરીએ મોબાઈલમાં રેકોર્ડ કરી લીધો હતો. અંતે હર્ષદભાઈએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં મેનેજર અને તેના બનેવી વિરુધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી સીસીટીવી અને વિડીયો ફૂટેજના આધારે પી.આઈ. જે.આર. ઝાલાના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરી છે.

# કોટડાપીઠા ગ્રામ પંચાયત દ્વારા વિવિધ ગ્રાન્ટમાંથી વિકાસ કાર્યો સંપન્ન

**પ્રજાલક્ષી કાર્યોને કારણે સ્થાનિક જનતામાં આનંદ અને સંતોષની લાગણી વ્યાપી ગઈ**

કોટડાપીઠા,તા.૧૫

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ગ્રામ પંચાયત દ્વારા જુદી-જુદી ગ્રાન્ટ અંતર્ગત વિવિધ વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી



તસવીર : જય મહેતા

અંદાજે રૂ. ૧૧ લાખના ખર્ચે ગામના બસ સ્ટેન્ડથી મેઈન બજાર થઈ આંબલી ચોક સુધીના આર.સી.સી. રોડનું કામ સફળતાપૂર્વક પૂરું કરાયું છે.સરપંચ સત્યજીતભાઈ વાળા, ઉપસરપંચ જે.બી. ચાવડા અને ગ્રામ પંચાયતના સદસ્યોની સીધી દેખરેખ હેઠળ ગામમાં પેવર બ્લોક અને સી.સી. રોડ જેવા અનેક પ્રગતિશીલ કાર્યો હાથ ધરાયા છે. ગામના અગ્રણીઓના સહયોગથી થયેલા આ પ્રજાલક્ષી કાર્યોને કારણે સ્થાનિક જનતામાં આનંદ અને સંતોષની લાગણી વ્યાપી ગઈ છે.

# ધોરાજી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને નિ:શુલ્ક એજ્યુકેશન કીટનું વિતરણ કરાયું

ધોરાજી,તા.૧૫

ધોરાજી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પ્રતિવર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સમાજના કેજીથી લઈને કોલેજ સુધીના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના દાતાઓના આર્થિક સહયોગથી વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડાના સેટ, બોલપેન અને પેડ સહિતની શૈક્ષણિક સામગ્રી એનાયત કરાઈ



તસવીર : નયન કુહાડીયા

હતી. આ પ્રસંગે બ્રહ્મ સમાજના ટ્રસ્ટીઓ સર્વશ્રી જગદીશભાઈ ગામોટ, પિનાકીનભાઈ કવીશ્વર, અરુણભાઈ જોશી, સુનિલભાઈ ભટ્ટ, મનીષભાઈ ત્રિવેદી અને ઉપેનભાઈ જોશી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીના ભૂતવડ ગામે સગીરા પર દુષ્કર્મ, આરોપી વિરુધ્ધ પોક્સો હેઠળ ગુનો દાખલ

ધોરાજી,તા.૧૫

ધોરાજી તાલુકાના ભૂતવડ ગામે એક સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગામના જ ૨૩ વર્ષીય યુવાન સમીર પૂનાભાઈએ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે સગીરાએ ધોરાજી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમજ પોક્સો એક્ટની કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. ધોરાજી તાલુકા પોલીસ સ્ટાફ દ્વારા આ ગુનાના કામે જરૂરી વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્ર કરીને વધુ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. દુષ્કર્મની ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

# ઉના નગરપાલિકા વોર્ડ નંબર ૭માં રજૂઆતના પગલે વિકાસકામોનો પ્રારંભ

ઉના,તા.૧૫

ઉના નગરપાલિકાના વોર્ડ નંબર ૭ ના કાઉન્સિલર રાજલબેન અલ્પેશભાઈ બાંભણિયાની સક્રિય રજૂઆતના પગલે વોર્ડમાં વિવિધ વિકાસકાર્યો શરૂ કરવામાં આવ્યા છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને સ્થાનિક જનતાને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ગટર વ્યવસ્થા, સફાઈ



તસવીર : કૈલાશ ભટ્ટ

અભિયાન અને રોગચાળો નિવારણની કામગીરી અગાઉથી જ આરંભી દેવાઈ છે. લોકોની સમસ્યાઓનો સમયસર ઉકેલ લાવવા અને વોર્ડના નાગરિકો સ્વસ્થ તેમજ સુરક્ષિત રહે તે માટે તેઓ સતત સક્રિય રહીને કામગીરી કરી રહ્યા છે.

# અમૃત સરોવર ધારાસભ્ય મહેશ કસવાલાની વિઝનરી દ્રષ્ટિની ભવ્ય ભેટ છે : પ્રભારીમંત્રી જીતુ વાઘાણી

સાવરકુંડલા,તા.૧૫

કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત સાવરકુંડલા ખાતે નવનિર્મિત 'અમૃત સરોવર'ની રાજ્યના કૃષિ અને જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંત્રીઓએ પર્યાવરણની રક્ષા કાજે તૈયાર કરાયેલ નવતર 'વન કવચ'



પ્રકલ્પને ખુલ્લું મૂક્યું હતું અને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. પ્રોજેક્ટની ભવ્યતાથી પ્રભાવિત થઈ પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, જોતા જ આનંદ થાય તેવું આ અમૃત સરોવર ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તરફથી સાવરકુંડલાની જનતાને ભવ્ય ભેટ છે. યુવા મોરચાના સમયથી મારા સાથી એવા મહેશભાઈની વિઝનરી દ્રષ્ટિનો લાભ આ વિસ્તારને મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, ધારાસભ્યો જનકભાઈ તળાવિયા, જે.વી. કાકડિયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.186/2026
જન્મ તારીખ : 01/06/1984

શ્રી નારણભાઈ વરજાંગભાઈ ચાવડા,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-વેલણ જુથ, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી નારણભાઈ વરજાંગભાઈ ચાવડા રહે.વેલણ, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વરજાંગભાઈ સોમાભાઈ ચાવડા તથા શ્રી લાડુબેન વરજાંગભાઈ ચાવડા ના પુત્રી કમળાબેન વરજાંગભાઈ ચાવડાનો જન્મ તારીખ.01/06/1984 ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.196/2026
જન્મ તારીખ : 20/12/1989

શ્રી સુરસિંહભાઈ હમીરભાઈ મોરી,
રહે.દેવળી, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-દેવળી, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સુરસિંહભાઈ હમીરભાઈ મોરી,રહે.દેવળી, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી સુરસિંહભાઈ હમીરભાઈ મોરી તથા શ્રી હંસાબેન સુરસિંહભાઈ મોરી ના પુત્રી મોરી અંકિતા સુરસિંહભાઈનો જન્મ તારીખ.20/12/1989 ના રોજ કોડીનાર તાલુકાના દેવળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ જાહેર: રૂ.૧૦ હજાર કરોડથી વધુના રોકાણ પર મળશે વિશેષ પ્રોત્સાહન

ગાંધીનગર, ૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ નવી નીતિ ૧ જૂન ૨૦૨૬થી અમલમાં આવી ચૂકી છે અને આગામી પાંચ વર્ષ સુધી કાર્યરત રહેશે. આગામી 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭'ને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ નીતિનો મુખ્ય ઉદ્દેશ રાજ્યને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, નવીનતા આધારિત અને ટકાઉ ઔદ્યોગિક હબ તરીકે વિકસાવવાનો છે. સરકારના જણાવ્યા અનુસાર આ નીતિ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત-૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવામાં મહત્વનો રોડમેપ સાબિત થશે.

ગુજરાત હવે પરંપરાગત ઉત્પાદનથી આગળ વધીને સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC), ડેટા સેન્ટર્સ, ડિજિટલ સર્વિસિસ અને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ જેવા ઉચ્ચ મૂલ્યવર્ધિત ક્ષેત્રોમાં અગ્રેસર બનવા માંગે છે. નીતિ અંતર્ગત રૂ.૧૦,૦૦૦ કરોડ કે તેથી વધુનું રોકાણ કરનારા અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ્સ માટે વિશેષ પેકેજ અને કસ્ટમાઈઝ્ડ પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવી છે. રોકાણકારો ઝડપથી ઉદ્યોગ શરૂ કરી શકે તે માટે



જમીન, વીજળી અને પાણીની સુવિધા ધરાવતું 'પ્લગ-એન્ડ-પ્લે' ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવાશે.

નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) માટે ટેકનોલોજી અપગ્રેડેશન, ગુણવત્તા પ્રમાણપત્ર અને નિકાસ ક્ષમતા વધારવા વિશેષ સહાય અપાશે. આ ઉપરાંત સેવા ક્ષેત્રો જેમ કે આઈટી, ડિઝાઈનિંગ અને કન્સલ્ટિંગ માટે પ્રથમ વખત વિશિષ્ટ પ્રોત્સાહનો જાહેર કરાયા છે. વહીવટી પ્રક્રિયાઓને સરળ બનાવવા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ૨.૦' હેઠળ સિંગલ વિન્ડો સિસ્ટમ મજબૂત કરી ઓનલાઈન મંજૂરી, સેલ્ફ સર્ટિફિકેશન અને ફાસ્ટ ટ્રેક ક્લિયરન્સની વ્યવસ્થા ઊભી કરાઈ છે. ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતી મહિલાઓ અને શ્રમિકોના રહેઠાણ માટે વર્કિંગ વુમન હોસ્ટેલ અને લેબર હોસ્ટેલના બાંધકામ માટે રૂ.૪૦ કરોડ સુધીના ખર્ચના ૪૦% થી ૮૦% સુધીની આર્થિક સહાય સરકાર પૂરી પાડશે.

નવા સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે સામાન્ય સ્ટાર્ટઅપ્સને એક વર્ષ સુધી દર મહિને રૂ.૨૫,૦૦૦ અને મહિલા સંચાલિત સ્ટાર્ટઅપ્સને રૂ.૩૦,૦૦૦ નું ભથ્થું અપાશે. હાઈ ઈમ્પેક્ટ સ્ટાર્ટઅપ્સ માટે રૂ.૩૦ થી ૪૦ લાખની સહાય તથા હાઈટેક, ફિનટેક અને ગ્રીન સ્ટાર્ટઅપ્સને વધારાના રૂ.૧૦ લાખ પ્રોત્સાહન પેટે અપાશે. સાથે જ ટર્મ લોન પર ૧% વ્યાજ સબસીડી અપાશે. જીઆઈડીસી (GIDC) વસાહતોનું પુનર્જીવન કરવા અને ઉદ્યોગોના માર્ગદર્શન માટે 'ઉદ્યોગ સહાય કેન્દ્રો' શરૂ કરી ભવિષ્યલક્ષી કુશળ માનવબળ તૈયાર કરવા મજબૂત સ્કિલિંગ ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવશે.

## ઓડિશામાં મિલકત વિવાદમાં પિતા અને સાવકી માતાની બેવડી હત્યા

જગતસિંહપુર,તા.૧૫

ઓડિશાના જગતસિંહપુર જિલ્લાના બાલીકુડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના તેરતાંગ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં લાંબા સમયથી ચાલી રહેલા કૌટુંબિક મિલકત વિવાદના કારણે એક પુત્રએ ઉશ્કેરાઈને પોતાના જ પિતા અને સાવકી માતા પર જીવલેણ હુમલો કરી બંનેની નિર્મમ હત્યા કરી દીધી હતી. હુમલો એટલો ભયાનક હતો કે બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જેને પગલે સમગ્ર ગામમાં ભારે ગભરાટ અને સનસનાટી ફેલાઈ ગઈ છે.

ઘટનાની માહિતી મળતાં જ બાલીકુડા પોલીસે તાત્કાલિક દોડી જઈ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોલીસે હત્યારા પુત્રની ધરપકડ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આગામી ૪-૫ દિવસમાં મહારાષ્ટ્ર અને બિહાર સહિતના રાજ્યોમાં ચોમાસું ઝડપથી આગળ વધશે

નવી દિલ્હી,તા.૧૫

દેશના અનેક રાજ્યો તીવ્ર ગરમી અને બફારાનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારતીય હવામાન વિભાગ (IMD) એ રાહતના સમાચાર આપ્યા છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સતત આગળ વધી રહ્યું છે અને તેની ઉત્તરીય સીમા સોલાપુર, હૈદરાબાદ, ધનબાદ અને મુઝફ્ફરપુર સુધી પહોંચી ગઈ



છે. આગામી ૪ થી ૫ દિવસમાં ચોમાસું મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, કર્ણાટક, તેલંગાણા અને ઓડિશાના વધુ ભાગોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ સાનુકૂળ છે. આ રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધવાથી લોકોને કાળઝાળ ગરમીમાંથી મોટી રાહત મળશે. બીજી તરફ, પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાના કારણે દિલ્હી-એનસીઆરમાં સોમવારે સવારે ભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે રાજસ્થાનના જયપુર, ભીલવાડા અને અજમેર સહિતના વિસ્તારોમાં આગામી થોડા દિવસો વાદળછાયા વાતાવરણ સાથે હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## નર્મદા ભાજપમાં મોટો ભડકો: પ્રોટોકોલ મુદ્દે ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ ધરણા પર બેઠા

નર્મદા,તા.૧૫

રાજપીપળા ખાતે યોજાયેલા સુશાસન કાર્યક્રમમાં ભાજપનો આંતરિક વિખવાદ જાહેરમાં આવ્યો છે. નાંદોદના મહિલા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે પ્રોટોકોલ ન જળવાતાં પોતાનું અપમાન થયું હોવાનો આક્ષેપ કરી કાર્યક્રમમાંથી વોકઆઉટ કર્યો હતો અને ગાંધી ચોક ખાતે ધરણા પર બેસી ગયા હતા. તેમણે જિલ્લા ભાજપ પ્રમુખ પર બે વર્ષથી અવગણના કરવાનો અને ગાંધીનગરના એક મંત્રીના પીઠબળથી મનમાની ચલાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. આ વિવાદમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ ધારાસભ્યના સમર્થનમાં આવ્યા છે. તેમણે આ ઘટનાને આદિવાસી સમાજનું અપમાન ગણાવી જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવના રાજીનામાની માંગ કરી છે.ધારાસભ્ય ધરણા પર બેસતા સંગઠનમાં દોડધામ મચી ગઈ છે.

## ભુજના માધાપરમાં બટુક ભોજન બાદ ૪૫થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર

ભુજ,તા.૧૫

કચ્છ જિલ્લાના ભુજ નજીક આવેલા માધાપરના ઐશ્વર્યા નગર વિસ્તારમાં સ્થિત એક મંદિરમાં ધાર્મિક પ્રસંગ નિમિત્તે આયોજિત બટુક ભોજનમાં ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના સામે આવી છે. ભોજન દરમિયાન પીરસવામાં આવેલી છાશ પીધાના થોડા જ સમયમાં ૪૫થી વધુ બાળકોને પેટમાં



દુખાવો, ઉલ્ટી અને ઝાડા જેવી તકલીફો શરૂ થઈ હતી. એકસાથે મોટી સંખ્યામાં બાળકો બીમાર પડતાં અફરાતફરી મચી ગઈ હતી. તમામ અસરગ્રસ્ત બાળકોને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બાળરોગ નિષ્ણાતોની ટીમે સમયસર ઈમરજન્સી સારવાર આપતાં હાલ તમામ બાળકોની સ્થિતિ સ્થિર અને જોખમથી બહાર છે. પ્રાથમિક આશંકા મુજબ ઉનાળાની ગરમીને કારણે દહીં બગડી ગયું હોઈ શકે છે. આરોગ્ય વિભાગે ખાદ્યપદાર્થોના નમૂના લઈ તપાસ હાથ ધરી છે.

## ગીરગઢડાના સમરસ પાંડેરી ગામે આચાર્યની બદલી માટે લોકોનો હલ્લાબોલ: પ્રવેશોત્સવ બહિષ્કારની ચીમકી

ઉના,તા.૧૫

ગીરગઢડા તાલુકાના પાંડેરી ગામની પ્રાથમિક શાળાના તમામ ૮૨ વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્યનો બહિષ્કાર કર્યો છે. શાળાના આચાર્યની કથિત મનમાની, નબળી કામગીરી અને કથળતા શિક્ષણ સ્તરને કારણે વાલીઓમાં ભારે અસંતોષ છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આચાર્યની ઉદાસીનતાને કારણે




વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૯ થી ઘટીને ૮૨ થઈ ગઈ છે.

હંમેશાં સમરસ રહેતા આ ગામમાં શાળાના પ્રશ્ને ભારે ઉત્તેજના છે. વાલીઓએ ચીમકી આપી છે કે જો આચાર્યની તાત્કાલિક બદલી કરવામાં નહીં આવે, તો તેઓ આગામી શાળા પ્રવેશોત્સવનો બહિષ્કાર કરશે અને સામૂહિક રીતે બાળકોના લિવિંગ સર્ટિફિકેટ (LC) કઢાવી લેશે. બીજી તરફ, આચાર્યએ મીડિયા સામે સંતોષકારક જવાબ આપવાનું ટાળ્યું હતું અને પોતે બદલી કરાવીને ચાલ્યા જશે તેવું જણાવ્યું હતું.

## નીટ કૌભાંડમાં અમદાવાદ સાયબર ક્રાઈમે વધુ ૩ આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ,તા.૧૫

નીટ પરીક્ષાના પેપર લીક અને રિફંડ ફ્રોડ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી રાજસ્થાનના આકાશ મીણા અને સુમેરસિંહ મીણાએ ૮ જેટલી ટેલિગ્રામ ચેનલો બનાવી, ઓરિજિનલ પેપરની લાલચ આપી આશરે ૧ હજાર લોકો પાસેથી




ગેમિંગ એપ્લિકેશનની મદદથી ૧.૫ કરોડ રૂપિયા પડાવ્યા હતા. બીજી તરફ, બિહારના ૧૯ વર્ષીય નવીનકુમારે નીટ-યુજી ૨૦૨૬ ના વિદ્યાર્થીઓના પોર્ટલ એકાઉન્ટ પર બ્રુટફોર્સ અટેક કરી પાસવર્ડ ક્રેક કર્યા હતા અને ગેરકાયદેસર લોગઈન કરી ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓની રીફંડ ફી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ મામલે એનટીએ (NTA) ના ડાયરેક્ટર આકાશ જૈને જણાવ્યું કે, પરીક્ષાની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવી છે અને ભવિષ્યમાં પેપર લીક ન થાય તેની ખાતરી આપવામાં આવી છે.

## પેટ્રોલિયમ મંત્રાલયની ખાતરી: દેશમાં પૂરતો ઈંધણ ભંડાર


નવી દિલ્હી,તા.૧૫

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી (રાંધણ ગેસ) નો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય અને સ્થિર છે. મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે, બધી રિફાઈનરીઓ પૂર્ણ ક્ષમતાથી કાર્યરત હોવાથી જનતાએ અફવાઓથી દૂરી રાખવી. કેટલાક પેટ્રોલ પંપ પર વધેલી ભીડ અછતના કારણે નહીં, પરંતુ વ્યાવસાયિક ગ્રાહકો દ્વારા સીધી ખરીદી કરવાને લીધે છે. દરમિયાન, બંદરો અને શિપિંગ મંત્રાલયના ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માએ માહિતી આપી છે કે ૬૨,૩૭૦ મેટ્રિક ટન એલએનજી કાર્ગો લઈને આવી રહેલું જહાજ 'દિશા' હોર્મુઝની સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી ૧૮ જૂને ગુજરાતના દહેજ બંદરે પહોંચશે.

## ભરૂચ જામા મસ્જિદ વિવાદમાં સંત સમાજે રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ભરૂચ,તા.૧૫

ભરૂચની જામા મસ્જિદ વિવાદ અંગે આજે સંત સમાજે હોસ્ટેલ ગ્રાઉન્ડથી કલેક્ટર કચેરી સુધી વિશાળ રેલી કાઢીને આવેદનપત્ર પાઠવ્યું છે. જૈન સંતોનો દાવો છે કે આ ઐતિહાસિક સ્થળ ભૂતકાળનું ભવ્ય જૈન તીર્થ 'સમડી વિહાર' છે. તેમણે આ ધરોહરની નિયમો મુજબ જાળવણી



કરવાની અને મસ્જિદના ભોંયરાનું નિરીક્ષણ કરવાની માંગ કરી છે. રેલીને પગલે ભરૂચમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## જમીન વિવાદ: ગુજરાત હાઈકોર્ટે યુસુફ પઠાણને વધુ ૪ અઠવાડિયાનો સમય આપ્યો

વડોદરા,તા.૧૫

વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલી આશરે ૯૭૮ ચોરસ મીટર જમીનની ફાળવણીના વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે પૂર્વ ભારતીય ક્રિકેટર અને ટીએમસી સાંસદ યુસુફ પઠાણને વધુ ૪ અઠવાડિયાની રાહત આપી છે. જોકે, કોર્ટે કડક ટિપ્પણી કરતાં જણાવ્યું કે, 'જેટલું મોડું કરશો એટલો દંડ વધુ થશે, કારણ કે વર્ષ ૨૦૧૪થી જમીન



પર તમારો અનધિકૃત કબજો છે.'

જમીન ખાલી કરવાના સિંગલ જજના ચુકાદા સામે યુસુફ પઠાણે ડિવિઝન બેન્ચ સમક્ષ અપીલ કરી છે. તેમના વકીલે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને જમીન ફાળવવાની નીતિના દસ્તાવેજો રજૂ કરવા સમય માગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની દરખાસ્તને રાજ્ય સરકારે ૨૦૨૪માં નકારી કાઢી દબાણ હટાવવા સૂચના આપી હતી. સિંગલ જજની બેન્ચે નોંધ્યું હતું કે સત્તાવાર એલોટમેન્ટ વગર જ બાઉન્ડ્રી વોલ બનાવી કબજો લેવાયો હતો. હાઈકોર્ટે સવાલ કર્યો કે સત્તાવાર આદેશ વિના કબજો કેવી રીતે મળ્યો? જો કોઈ અધિકારીએ કબજો આપ્યો હોય તો તેનું નામ જણાવવામાં આવે.

## રામ મંદિર દાન વિવાદમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરાઈ

નવી દિલ્હી,તા.૧૫

અયોધ્યા રામ મંદિરમાં દાનના નાણાંમાં કથિત ગેરરીતિઓનો મામલો હવે દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટના વકીલ અનૂપ અવસ્થીએ મુખ્ય ન્યાયાધીશ (CJI) ને એક પત્ર અરજી મોકલીને આ મામલે સ્વતઃ સંજ્ઞાન (Suo Motu) લેવા અને હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ



નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી છે. પત્રમાં જણાવાયું છે કે, જનતાનો વિશ્વાસ જાળવી રાખવા માટે એફઆઈઆર (FIR) દાખલ કરીને સ્વતંત્ર તપાસ જરૂરી છે.

બીજી તરફ, ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિર ટ્રસ્ટની વિનંતી પર ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે, જેમાં લખનૌના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંત અને આઈજી કિરણ એસ. સામેલ છે. મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ એસઆઈટીની રચનાને આવકારી છે. જોકે, સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે રાજ્ય સરકારની એસઆઈટી પર અવિશ્વાસ વ્યક્ત કરતા, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રસ્ટના વર્તમાન સભ્યોને હટાવવાની માંગ કરી છે. આ દરમિયાન વિવાદની વચ્ચે જ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયની તબિયત બગડી હોવાના અહેવાલ છે.

# અમદાવાદથી ગાંધીનગર સુધી ટ્રેક્ટરો સાથે કિસાન અધિકાર યાત્રા યોજાઈ

ગાંધીનગર,તા.૧૫



ખેડૂતોના હકો માટે કોંગ્રેસ દ્વારા અમદાવાદના શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી 'કિસાન અધિકાર યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં ૨૦થી વધુ ખેડૂત સંગઠનો જોડાયા છે. કોંગ્રેસનો આરોપ છે કે કાયદાઓને નેવે મૂકીને ખેડૂતોની જમીન હડપ કરવામાં આવી રહી છે. આ મામલે સરકાર સમક્ષ કુલ ૫ મુખ્ય માગણીઓ રજૂ કરવામાં આવશે.આ યાત્રાનું સંકલન લાલજી દેસાઈ, પાલ આંબલિયા, જયેશ પટેલ, મહેશ રાજકોટીયા અને જીજ્ઞેશ મેવાણી સંભાળી રહ્યા છે. રેલીને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને ડો. તુષાર ચૌધરી સંબોધિત કરી હતી. શાંતિપુરા ચોકડીથી શરૂ થયેલી આ રેલી ઓગણજના શતાબ્દી હતી, જ્યાં ખેડૂત સભા યોજાઈ હતી.ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા રેલીને ગાંધીનગર સુધી જવાની મંજૂરી આપવામાં આવી નથી. રેલી દરમિયાન અમિત ચાવડા અને પ્રગતિ આહિર જેવા નેતાઓએ પોતે ટ્રેક્ટરનું સ્ટિયરિંગ સંભાળ્યું હતું. જોકે, વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી વિરમગામથી રેલીમાં જોડાયા બાદ અધવચ્ચેથી નીકળી ગયા હતા.

# રાજ્યમાં ચોમાસું મોડું પડશે: ૨૩ જૂન બાદ વરસાદના આગમનની શક્યતા

ગાંધીનગર,તા.૧૫




ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થતું હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસાની ગતિ ઘણી ધીમી જોવા મળી રહી છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમી પવનો નબળા પડવાના કારણે ચોમાસાની પ્રગતિ અટકી છે. આ વિલંબને કારણે દક્ષિણ ગુજરાતમાં ૨૩ જૂન અને સૌરાષ્ટ્ર તેમજ મધ્ય ગુજરાતમાં ૨૫ જૂન પછી ચોમાસું પહોંચવાની સંભાવના છે. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, રાજ્યમાં ૨૩થી ૨૬ જૂન વચ્ચે ચોમાસાની વિધિવત શરૂઆત થઈ શકે છે. જોકે, ચોમાસા પૂર્વેની પ્રવૃત્તિઓ (પ્રી-મોન્સૂન એક્ટિવિટી) ના ભાગરૂપે આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ખેડૂતો અને નાગરિકો અત્યારે વાવણી લાયક વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, ત્યારે આગામી સપ્તાહના અંત સુધીમાં ચોમાસું સક્રિય થાય તેવી પૂરેપૂરી આશા છે.

# હનુમાનજીના નહીં, માત્ર 'કિંગ ઓફ સાળંગપુર' મૂર્તિના કોપીરાઈટ લેવાયાની સાળંગપુર મંદિરની સ્પષ્ટતા

ભાવનગર,તા.૧૫

સાળંગપુર હનુમાનજી મંદિર પ્રશાસન દ્વારા તાજેતરમાં ઊભા થયેલા કોપીરાઈટ વિવાદ અંગે મોટી સ્પષ્ટતા કરવામાં આવી છે. સંસ્થાએ જણાવ્યું છે કે, હનુમાનજીના નામ, પૂજા, ભક્તિ કે અર્ચના પર કોઈ પ્રતિબંધ નથી. માત્ર સાળંગપુરધામ ખાતે સ્થાપિત ૫૪ ફૂટ ઊંચી વિશિષ્ટ 'કિંગ ઓફ સાળંગપુર' પ્રતિમા, તેના સુવર્ણ વાઘા અને સંસ્થાના અધિકૃત લોગોના જ કોપીરાઈટ અને ટ્રેડમાર્ક મેળવવામાં આવ્યા છે.ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, કેટલાક લેભાગુ તત્વો દ્વારા સાળંગપુરધામના નામે નકલી વેબસાઈટ્સ, ચીનથી બનેલી નકલી મૂર્તિઓ અને સામગ્રી વેચીને ભક્તો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતી હતી. આ નકલી નેટવર્ક અને



આર્થિક નુકસાનથી ભોળા ભક્તોની આસ્થાને સુરક્ષિત રાખવા માટે કાનૂની નિષ્ણાતોની સલાહ બાદ જ આ નિર્ણય લેવાયો છે. તેનો હેતુ કોઈની ધાર્મિક સ્વતંત્રતા પર નિયંત્રણ લાવવાનો નથી.


# રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઇ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમને** વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

**રેડ ક્રોસ-અમદાવાદ**

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

**રેડ ક્રોસ - ગુજરાત**

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board, Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.


# સુરતમાં પોલીસ સ્ટેશન નજીક જ ચાલતુ કુટણખાનુ ઝડપાયુ

સુરત,તા.૧૫



સુરતમાં સ્પા અને હોટલોની આડમાં ચાલતા દેહવ્યાપારને રોકવાના કડક આદેશો વચ્ચે સરથાણા પોલીસ સ્ટેશનથી માત્ર ૯૦૦ મીટરના અંતરે સીમાડા રોડ પર સેક્સ રેકેટ ધમધમી રહ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે બાતમીના આધારે સીમાડા રોડ, બાપા સીતારામ ચોક પાસે આવેલી 'સનલાઈટ હોટલ' પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે થાઈલેન્ડની ૮ અને ભારતની ૨ મળી કુલ ૧૦ યુવતીઓને મુક્ત કરાવી છે, જ્યારે હોટલ માલિક સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે.

# સુરતમાં પત્નીએ પ્રેમી સાથે મળીને કરી પતિની ઘાતકી હત્યા


સુરત,તા.૧૫



સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. વેડરોડ પર આવેલી રહેમતનગર સોસાયટીમાં પત્નીએ જ તેના પ્રેમી સાથે મળીને પતિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી છે. દારૂડિયા અને ઝઘડાળુ પતિથી કંટાળેલી પત્નીએ પ્રેમી સાથે લગ્ન કરવા માટે આ ખોફનાક કાવતરું ઘડ્યું હતું.પોલીસના જણાવ્યા અનુસાર, મૂળ ઝારખંડના ૪૨ વર્ષીય મૃતક જન્મજયકુમાર તીર્થ રાયના લગ્નજીવનમાં અવારનવાર ઝઘડા થતા હતા. આ દરમિયાન તેમની પત્ની ચાંદનીકુમારીને મૂળ ઉત્તર પ્રદેશના શુલભસિંહ બંમ નામના યુવક સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિને રસ્તામાંથી હટાવવા માટે બંનેએ છેલ્લા છ મહિનાથી પ્લાન બનાવ્યો હતો. ઘટનાની રાત્રે ઊંઘી રહેલા પતિને પત્નીએ બિલ્ડિંગના બીજા માળેથી નીચે ફેંકી દીધો હતો. ત્યારબાદ નીચે તરફડિયાં મારી રહેલા પતિનું પ્રેમીએ બ્લેડથી ગળું કાપી નાખ્યું હતું. ચોકબજાર પોલીસે ગુનો નોંધીને હત્યારી પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી લીધી છે.

# જૂથબંધીથી નારાજ ભાજપ ધારાસભ્ય ભગા બારડની રાજીનામાની ચિમકી

ગીર સોમનાથ, તા.૧૫



તાલાલાના ભાજપ ધારાસભ્ય ભગા બારડનો આંતરિક જૂથબંધી સામેનો અસંતોષ જાહેરમાં ફાટી નીકળ્યો છે. બાદલપરા ખાતે એક સમારોહમાં તેમણે આક્રોશ ઠાલવતા કહ્યું કે, પક્ષના જ કેટલાક લોકો સરકારમાં તેમના કામો અટકાવી રહ્યા છે. ભગા બારડે જાહેર મંચ પરથી પડકાર ફેંક્યો કે, જો અહીં હાજર લોકોમાંથી ૫૦ ટકા પણ મને કહેશે, તો હું અત્યારે જ ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દઈશ. સ્થાનિક સ્તરે વકરેલો આ આંતરકલહ આગામી ચૂંટણીઓ પૂર્વે ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો છે.

# ઉનાની ૧૩ વર્ષની સગીરાને ગર્ભપાતની હાઈકોર્ટની મંજૂરી

અમદાવાદ,તા.૧૫

ઉનાની એક ૧૩ વર્ષની સગીર દુષ્કર્મ પીડિતા વતી ગુજરાત હાઈકોર્ટમાં ગર્ભપાતની મંજૂરી માટે અરજી દાખલ કરવામાં આવી હતી. પીડિતાને ૧૯ અઠવાડિયાનો ગર્ભ હોવાથી અને તેના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને ગંભીર ઈજા ન પહોંચે તે હેતુથી આ માંગ કરાઈ હતી. આ કેસમાં આરોપી સામે ઉના પોલીસ મથકે BNS અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે. ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે વર્ષ ૨૦૨૬માં ૧૫ જૂન સુધીના સાડા પાંચ મહિનામાં આવી ૧૨ પીડિતાઓને ગર્ભપાતની મંજૂરી આપી છે.હાઈકોર્ટના આદેશ અનુસાર, GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ, જૂનાગઢના નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ દ્વારા પીડિતાની તબીબી તપાસ કરવામાં આવી હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર, પીડિતાનો ગર્ભપાત કરવો તબીબી રીતે શક્ય છે અને તેમાં જોખમ ઘણું ઓછું છે.


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

25 વર્ષથી આપનો વિશ્વાસુ જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઇડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !




MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા
માટે YouTube ચેનલમાં TIGER BORWELL
સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર બોરવેલ
પિયુષભાઇ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઇ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨